[illegible]

[illegible]

ત્યાં "આદર્શ જીવન" ઉપર જાહેર ભાષણ આપતાં જૈન જૈનેતરોમાં સારી અસર થવા પામી હતી. તે માટેની અગાઉથી જૈન-મીત્ર દ્વારા જાહેરાત આપવામાં આવેલી હોઈ લોનાવલા, કામશેટ, પુના, દેહુરોડ, કારલા, વડગામ આદિ ગામોમાંથી લગભગ પાંચસોની સંખ્યામાં જનતા આવી પહોંચી હતી. બહાર ગામથી આવેલ સમાન ધર્મીઓનું વાત્સલ્ય સ્ટેશનના શા. તારાચંદ ભેરાજી તરફથી કરવામાં આવ્યું હતું, તેમ અન્ય શ્રાવકોએ પણ લાભ ઉઠાવ્યો હતો. બપોરના પૂજા ઠાઠપૂર્વક ભણાવવામાં આવી હતી. સાંજના સકલ સંઘ સાથે મહારાજશ્રી પાછા વાજતેગાજતે આવ્યા હતા.

સંઘનો સુંદર નિર્ણય.

પૂજ્ય મહારાજશ્રીના સદુપદેશથી ચાતુર્માસ દરમ્યાન રોજ ઘર દીઠ આયંબીલ; ચારે માસ જુદા જુદા ગૃહસ્થો તરફથી

ભાવનાઓ તથા વ્યાખ્યાન સમયે નવથી અગીઆર સુધી દુકાનો બંધ રાખવા માટે અત્રેના સંઘે નિશ્ચય કર્યો હતો.

તદ્ ઉપરાંત મુંબઇ, સુરત, દાદર, કોટ, પુના, કરાડ, સાંગલી, ...સા, ઇડર, ટીંટોઇ, છાણી, વડાલી, વાપી, દમણ, કોલ્હાપુર આદિ અનેક ગામોથી પૂજ્ય મહારાજશ્રીને ખાસ વન્દનાર્થે આવતા અત્રેના સંઘને તેઓની ભક્તિનો સારો લાભ પ્રાપ્ત થયો હતો. વન્દનાર્થે આવ... ...ાર ભાઇઓએ પણ જુદીજુદી લગભગ પચાસેક પ્રભાવનાઓ કરી પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો હતો.

વિવિધ તપો

નવકારમંત્ર તપ તથા અષ્ટ મહાસિદ્ધિ તપમાં અનુક્રમે ચાલીશ તથા પંદર સ્ત્રી પુરૂષોએ પ્રવેશ કર્યો હતો. બન્ને તપોની પૂર્ણાહૂતિ નિમિત્તે સુંદર વરઘોડો કાઢવામાં આવ્યો હતો. જ્ઞાન સમક્ષ તે દિવસે રાત્રિ જાગરણ કરી ભાવના ભાવવામાં આવી હતી. પુના કેમ્પવાલા શા. છગનલાલ (ભગાજી દેવાજીવાલા) તરફથી શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી. શ્રાવણ વદી ૪ ના દિને શ્રી અક્ષયનિધિતપની શરૂઆત થતા તેમાં પણ ૪૭ સ્ત્રી પુરૂષોએ પ્રવેશ કર્યો હતો. જેમાં પુરૂષો ૩૦ ની સંખ્યામાં હતા. આ તપસ્યાઓ પ્રથમ થતી હોય ગામનો ઉલ્લાસ ઘણો સારો જણાતો હતો. મુખ્યતયાં યુવાનો સારા પ્રમાણમાં જોડાયા હતા. સર્વ તપોની ક્રિયા મહિમા સંપન્ન મુનિપુંગવ શ્રી મહિમાવિજયજી મહારાજ કરાવતા હોઈ સૌને ક્રિયામાં અપૂર્વ આનંદ અને સુંદર ભાવ પ્રગટ થતા હતા. તપસ્યામાં પેઠેલાઓને પ્રથમ ચાર દિન શા. ઉત્તમચંદ નેમચંદ, તથા શા. ચીમનલાલ ચુનીલાલ શા. નથુલાલ હકમચંદ અને શા. હેમચંદ મગનલાલ તરફથી એમ કુલ સાત દિન એકાસણા કરાવવામાં આવ્યા હતા.

પર્યૂષણપર્વની અપૂર્વ આરાધના

પર્વાધિરાજ શ્રી પર્યુષણપર્વ આવી પહોંચતા સૌ કોઇ તેને સારી પેઠે ઉજવવાના મનોરથો સેવી રહ્યા હતા. અક્ષયનિધિ તપતો ચાલુજ હતો. તદ્ ઉપરાંત અન્ય તપશ્ચર્યાઓ પણ પ્રતિવર્ષ કરતા આ વર્ષે ઘણી સારી થવા પામી હતી. તપશ્ચર્યા જેવા સુંદર કાર્યની પહેલ કરનાર સુશીલ **સુંદરબેન ભ્રા૦ નથુલાલ** હતા. જેમણે **માસક્ષમણ** જેવી દીર્ઘ તપસ્યા અપૂર્વ સમતાપૂર્વક કરી સ્વ આત્મકલ્યાણ સાધવા સાથ અનેકોને અનુમોદના કરવાની સુંદર તક આપી હતી. તદ્દુપરાંત **સોલવાલા** ૫ **અગીયાર** ૧ **દશ** ૧ **નવવાલા** ૭ **અઠ્ઠાઈ** ૩૯ **સાતવાલા** ૩ **પાંચવાલા** ૪ **ચારવાલા** ૧ મલી કુલ. **૬૨** જેટલી વિશાળ તપસ્યા થવા પામી હતી. તે નિમિત્તે બહાર ગામથી ચારસો પાંચસોની સંખ્યામાં જનતા આવી હતી. તેમ ઉત્સાહ પણ અપૂર્વ પ્રગટ્યો હતો. લગભગ **પાંત્રીશ ઘરના** નાના ગામમાં આટલી તપશ્ચર્યાની વિશાળ સંખ્યા તેમ અન્ય કાર્યો **પ્રથમ જ જોવામાં** આવતા સંઘમાં અસીમ આનંદ ઉત્પન્ન થવા સાથ અનેકોને અનુમોદનાનું કારણ મળ્યું હતું.

કોઇ પણ વખત એકાસણા જેવા વ્રતને પણ નહિ કરનારા કેટલાક યુવાન સ્ત્રી પુરૂષો **અઠ્ઠાઈ** જેવી તપશ્ચર્યા બહુ જ આનંદપૂર્વક કરવા ભાગ્યશાલી થયા હતા.

કલ્પસૂત્ર રૂા. ૩૬ બોલી આલાવાલા શા. **મોતીચંદ લીલાચંદ** ઠાઠપૂર્વક સંઘ સાથે લઈ જઇ રાત્રિ જાગરણ કરી બીજે દિવસે ઠાઠથી લાવી મહારાજશ્રીને વહોરાવ્યું હતું.

ભા. સુ. ૧ ના પુનાના પ્રભાત બેન્ડ સાથે વરઘોડો ઠાઠપૂર્વક કાઢવામાં આવ્યો હતો. પારણું રૂા. ૭૨૫) બોલી શા. **ભગવાનજી નોલાજી** પોતાને ઘેર ઠાઠપૂર્વક લઇ ગયા હતા. તેમ ચાર દિન રાત્રિ [જા]ગરણ કરી જુદી જુદી પીત્તળના, કપ, રકેબી વી.ની પ્રભાવનાઓ [થઇ] હતી. જન્મ વાંચન સમયે લગભગ **હજાર** માણુસની મેદની

ગી હતી. આ પ્રસંગે માંડીઓળવાળા (ઇડર) શા. બાપાલાલ ણીચંદ તથા શા. પોપટલાલ વેણીચંદ તરફથી પ્રભાવના કરવામાં વી હતી.

દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય આદિની આવક પણ સમય અનુસાર મણી ારી થવા પામી હતી.

બારસાસૂત્ર વહોરાવવાનો લાભ પીડાગામવાળા શા. નેમચંદ તારાચંદે અને ચિત્રદર્શન કરાવવાનો લાભ શા. મોતીલાલ નેમચંદે લીધો હતો.

તપસ્વીઓને મુંબઈવાળા શા. રજનીકાંત માધવજી તરફથી ચાંદીની ાટકી; તેમ લોટા, વાટકી, રૂપીયા, શ્રીફળ આદિની જુદા જુદા સદ્ગૃહસ્થો રફથી જુદી જુદી લગભગ ૪૨ પ્રભાવનાઓ આપવામાં આવી હતી.

આઠે દિન પ્રભુજીને ભવ્ય અંગ રચનાઓ કરવામાં આવતી હતી.

ભા. સુ. ૪ ના દિને સકળ સંઘ સાથે ચૈત્ય પરિપાટી કરવામાં આવી હતી.

અઠ્ઠાઇથી લઇને સઘળી તપસ્યા કરનારાઓને તથા અક્ષયનિધિ તપ વાળાઓને પારણાં શા. ઉત્તમચંદ નેમચંદ, શા. નથુલાલ હકમચંદ, સંઘવી અંબાલાલ હરિચંદ તથા આલાવાળા શા. મોતીચંદ તરફથી કરાવવામાં આવ્યા હતા.

પાંચમની વહેલી સવારે અત્રેના યુવક મંડળના બેન્ડ સાથે મહારાજ શ્રી સહ સકળ સંઘ પ્રભુજીના દર્શનાર્થે ગયો હતો. ભંડારાનું દ્વાર ખોલવાનું ઘી. ૨૧ મણ બોલી. શા. ભગવાનજી તોલાજીએ લાભ ઉઠાવ્યો હતો. ત્યાર બાદ પ્રભુ સન્મુખ ચૈત્યવંદન કરતા અપૂર્વ આનંદ પ્રગટ્યો હતો.

સાધારણનો ખરડો

બહાર ગામથી જુદી જુદી સંસ્થાઓની આવેલ માંગણીને પહોંચી વળવા મહારાજશ્રીના ઉપદેશથી લગભગ એક હજાર રૂપીયાનો ખરડો

રકમમાં આપેલો હતો કે પાંજરાપોળ, ઓટીંગો, [illegible]
[illegible] ખાતું, આદિ જુદા જુદા ખાતાઓમાં મોકલવામાં આ[illegible]
[illegible]

ગૌરવપૂર્ણ ભવ્ય વરઘોડો

સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે

અકબર નૃપ પ્રતિબોધક જગદ્ ગુરૂ પૂ૦ **શ્રી હીરસૂરીશ્વરજી** મહારાજાની ભા. સુ. ૧૧ની સ્વર્ગારોહણ તિથિ ઉજવવામાં આવતાં તેમના જીવન ઉપર મુનિરાજ શ્રી **મહિમાવિજયજી** મહારાજે ટુંકમાં વિવેચન કરી પૂ૦ **પન્યાસજી** મહારાજે ઉપસંહાર કરી તેમના જીવનમાંથી ગ્રહણ કરવા લાયક ગુણો તરફ શ્રોતાજનોનું ધ્યાન ખેંચ્યું હતું. તે દિવસે સંઘમાં **૮૧** આયંબિલ થયા હતા.

નવપદજીનું આરાધન

આસો માસની શ્રી **સિદ્ધચક્રજી** મહારાજની **શાશ્વતી** ઓળીનું આરાધન **સંઘ** તરફથી ઠાઠપૂર્વક કદી પણ ન થએલ એવું થયું હતું. દરરોજ સવાસો ઉપર આયંબીલ કરનારાની સંખ્યા થતી હતી. દરરોજ **નવી નવી** આંગીઓ રચાતી, તેમ **વિવિધ પૂજાઓ** ઠાઠપૂર્વક ભણાવાતી અને રાત્રે **ભાવનામાં** પણ રમઝટ જામતી હતી. **વર્ધમાન** તપનો પાયો પણ આઠેક સ્ત્રી પુરૂષોએ નાંખ્યો હતો. છેલ્લા બે દિવસ માટે "**શા. શાન્તિલાલ**" ગવૈયાને બોલાવવામાં આવતા પૂજામાં તથા ભાવનામાં અપૂર્વ જમાવટ થઈ હતી.

પૂર્ણિમાના દિને સુરતના ઝવેરી **પાનાચંદ કસ્તુરચંદે** પુનાથી આવીને **પ્રભુજીને** અત્રે કદી ન થએલ એવી મનોહર, અને આકર્ષક અંગ રચના કરી હતી. જેના દર્શન માટે જનતા **વારંવાર** આવી પોતાના સમકીતને નિર્મળ કરી રહી હતી.

પૂ. મ. શ્રી **જુદા જુદા પોઈન્ટો** ઉપરના વિવેચન સાથે શ્રીપાળકુમારનું ચરિત્ર વાંચતા હોઇ તે સાંભળવા વ્યાખ્યાનમાં પણ લોકોની મેદની સારી જામતી હતી.

મુંબઇના શેઠ **ડાહ્યાભાઇ** છગનલાલ તથા તેમના ધર્મપત્ની **ગુલાબબેન** તરફથી રૂ. ૨૦૧) તથા મુંબઇના શેઠ **છોટાલાલ મણીલાલ** (લલીત બ્રધર્સ તરફથી રૂ. ૧૦૧) આયંબીલ કરાવવા માટે

અર્પણ કરવામાં આવ્યા હતા. તેમ ૨૨૫) રૂ. બેલગામના શેઠ **ચતુરભાઇ નગીનદાસ** તરફથી ઓળીવાળા આદિઓને પારણા તથા આંગી પૂજા કરાવવા માટે રૂ. ૫૧) **મુરબાડ નવપદ આરાધક મંડળ** તરફથી ૨૫) **વાડીલાલ ભગુભાઈ** પાખલવાલા અને ૨૫) પુનાવાલા **મનસુખલાલ હાલાભાઈ** તરફથી આપવામાં આવ્યા હતા. **મુનિશ્રી સુશિલવિ૦એ** પણ વર્ધમાન તપની ૩૮ મી ઓળી કરી હતી.

વ્રતોચ્ચારણ

બપોરના ત્રણથી ચાર સુધી **મુનિરાજ શ્રી મહિમાવિજયજી** મહારાજે બારવ્રતોની તથા અન્ય વ્રતોની સમજ કેટલાક દિવસો સુધી આપવાથી **આસો** સુદ ૧૦ ના દિવસે નાણ સમક્ષ બાર વ્રતો જ્ઞાનપંચમી, એકાદશી, આયંબીલની ઓળી આદિ વિવિધ તપોને ૨૨ સ્ત્રી પુરુષો ઉચ્ચરવા ભાગ્યશાલી થયા હતા. **વ્રતધારીઓને** જુદા જુદા ગૃહસ્થો તરફથી શ્રીફળ-સાકરના પડીકા આદિની પ્રભાવનાઓ કરવામાં આવી હતી.

નાદુરસ્ત તબીયત

પૂ૦ મુનિરાજ **શ્રી મહિમાવિજયજી** મહારાજની એકાએક આ. વ. ૧૪ ના રાતે તબીયત બગડી જવા પામી હતી. તેમના તરફથી વારંવાર મળતી ધર્મપ્રેરણાના અભાવે અત્રેના સંઘમાં ઉત્સાહના પુર જરા ઓસરી ગયા હતા. અત્રેના સંઘે તેમની સેવા બહુ જ ભાવપૂર્વક કરી હતી. તેમજ તેમની તબીયતના સમાચાર પ્રસરતા મુંબઈ, કોટ, દાદર, દમણ, વાપી, નવસારી, સાંગલી, કરાડ, બારામતી, ફીર, વડાલી, પુના, અને પારણ આદિ અનેક સ્થળેથી તેમની શાતા પુછવા માટે આવેલ બહારગામના સાધર્મિક વાત્સલ્યનો લાભ શેઠ **ઉત્તમચંદ નેમચંદ** [illegible] ઉઠાવ્યો હતો.

૧૭) શા. કેશવલાલ હરિચંદ
૧૮) ચંદ્રાવતીબેન ભ્ર. પોપટલાલ
૧૯) ઇન્દુમતીબેન ભ્ર. પોપટલાલ
૨૦) વિમલબેન ભ્ર. રતીલાલ
૨૧) ગંગાબેન ભ્ર. પુનમચંદ
૨૨) જમુબેન બાપ. અમરાજી
૨૩) રંજનબેન બાપ. ભીખાલાલ
૨૪) સાંકલીબાઇ ભ્ર. બાબુજી
૨૫) લીલાવતીબેન ભ્ર. શેસમલ
૨૬) પાસુબેન ભ્ર. જેઠમલ
૨૭) સુગંધીબેન ભ્ર. મંછાલાલ
૨૮) રૂક્ષમણીબેન ભ્ર. મોતીલાલ આલાવાલા
૨૯) મુલીબેન ભ્ર. હિરાજી
૩૦) મોતીબાઇ ભ્ર. ભગવાનજી
૩૧) કંકુબેન ભ્ર. મોહનલાલ
૩૨) શાંતાબાઇ ભ્ર. નથમલ
૩૩) પ્રમીલાબેન ભ્ર. લાલચંદ
૩૪) શકુંતલા ભ્ર. મુનીલાલ
૩૫) કુસુમબેન ભ્ર. શાંતિલાલ
૩૬) બચુબેન બાપ. મંગલદાસ વાડાવાલા
૩૭) સુભદ્રાબેન ભ્ર. રસીકલાલ
૩૮) પાર્વતીબેન ભ્ર. કપુરચંદ
૩૯) ચંપાબેન ભ્ર. કેશવલાલ

સાતવાલા

૧) શા. જીવાજી મુલાજી
૨) શા. ખેતમલ મુલાજી
૩) કંકુબેન ભ્ર. જીવાજી

પાંચવાલા

૧) શા. દેવાજી મુલાજી
૨) એકનાથ ધર્માજી ઘાટકર(તેલી)
૩) મહાનંદા ભ્ર. સુમતિલાલ
૪) હીરાબેન ભ્ર. કેશવલાલ

ચાર ઉપવાસવાલા

૧) શા. મોતીલાલ નેમચંદ

અનુક્રમણિકા



તલેગામ મંડન

શ્રી જીરાવલા પાર્શ્વનાથનું સ્તવન

(રાગ–શાંતિજિનેશ્વર વંદીયે રે.)

પાર્શ્વ પ્રભુજી સાહિબા રે, છો મમ પ્રાણ આધાર;
તુજ સરિખો નહિ માહરે રે, ત્રણે જગ મોઝાર રે,
જિનજી પૂરો મનના કોડ, તુજ સરીખી નહિ જોડ રે. જિ૦ ૧

મૂર્તિ મનહર તાહરી રે, દીસે તેજ અપાર,
તુજ પ્રભાવે માહરે રે, વિઘ્ન ન આવે લગાર રે. જિ૦ ૨

ત્રણ ભુવનમાં તુમ તણો રે, મહિમાનો નહિ પાર,
તુજ શાસન મલતા થકા રે, મોહ રાજાની હાર રે. જિ૦ ૩

મોહ માયાના પાસથી રે, ભમીયો વાર અનંત,
વિનવું ભાવે તુજને રે, પાર કરો ભગવંત રે. જિ૦ ૪

જગ વલ્લભ પ્રભુ માહરા રે, આવ્યો તુમારી પાસ,
મહેર કરો મારા નાથજી રે, નહિ કરશો નિરાશ રે. જિ૦ ૫

તલેગામે પ્રભુ દીપતા રે, વારતા કર્મનો મેલ,
આપતા સમકીત સુખડી રે, કાપતા ભવની જેલ રે. જિ૦ ૬

આત્મકમલ ખીલાવજો રે, વરસાવો લબ્ધિનો મેહ,
પ્રવીણ મહિમા યાચતો રે, તારજો ગુણમણિ ગેહ રે. જિ૦ ૭

[illegible]

[illegible]
[illegible] ૧

[illegible]
[illegible] ૨

[illegible]
[illegible] ૩

[illegible]
[illegible] ૪

આત્મકમલ [illegible], તારી લબ્ધિ [illegible],
એની [illegible] નહિ પાર, [illegible] વાર વાર વાર. ૫

૨

પાર્શ્વ પ્રભુ ગુણાગાર, મારા દેવાના દાર,
શાશ્વત આનંદ દેનાર, કરો પાર પાર પાર. ૧

તારૂં શાસન મનોહાર, મને એનો ઉપકાર,
ભવ સાગર છે અપાર, જલ્દી તાર તાર તાર. ૨

કેવલ જ્યોતિ ઝલકાર, જેનું તેજ છે અપાર,
ત્રણે જગમાં પ્રચાર, સ્તવું વાર વાર વાર. ૩

દીઠો ભાગ્યે દેદાર, થયો સફળ અવતાર,
સાચો તું છે તારણહાર, દુઃખો વાર વાર વાર. ૪

આત્મકમલ સુધાર, લબ્ધિ પ્રવીણ આધાર,
કમ્બોજ ગિરિના શણગાર, મોહમા કાર કાર કાર. ૫

સંદેશ-સુધા

૧. સાચું સુખ અને તેના સાધનો.

કીડી કે કુંજર, રંક કે રાજા, અજ્ઞાની કે જ્ઞાની, બાળ કે યુવાન, પ્રૌઢ કે વૃદ્ધ, દેવ કે દાનવ, ધર્મી કે અધર્મી, ગમે તે હો. ટુંકમાં કહીએ તો સંસારના સમસ્ત પ્રાણીઓ સુખનેજ ચાહે છે, અને દુઃખને ધિક્કારે છે. આ વાત બે ને ચાર જેવી સીધી અને સાદી હોઇ, તેમાં કોઇનો પણ મતભેદ છેજ નહિ. ભલે પછી કેટલાક પ્રાણીઓ પોતાની એ ઇચ્છાને પ્રગટ નહિ કરી શકતા હોય પરન્તુ સૌ કોઇના હૈયામાં તો સુખપ્રાપ્તિની અને દુઃખના નાશની ઈચ્છા જીવતી અને જાગતી બેઠેલીજ હોય છે;

[illegible]
જોવું પડે છે.

ઉપર જણાવેલ વિપરીત દશા થવાનું કારણ શું હોવું જોઈએ? એનો વિચાર કરવાની ખાસજ કોઈને ફુરસદ હશે. વળી કારણવિના કાર્યની ઉત્પત્તિ હોઈ શકેજ નહિ. એ નિયમ અનુસાર સુખ અને દુઃખને ઉત્પન્ન થવામાં કોઈ પણ કારણ તો હોવાજ જોઈને? જ્યાંસુધી તેના વાસ્તવિક કારણોની ઓળખાણ ન થાય ત્યાંસુધી ભોળી અને અજ્ઞાન જનતા વિવિધ પ્રકારની કલ્પનાના ઘોડાઓ દોડાવ્યેજ જાય છે.

સુખ અને દુઃખના વાસ્તવિક કારણોને જણાવતાં ચૌદસો ચુમ્માલીશ ગ્રન્થોના કર્તા પૂજ્યપાદ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ શાસ્ત્રવાર્તા સમુચ્ચય નામના ગ્રન્થમાં ફરમાવે છે કેઃ—

सुखं धर्मात् दुःखं पापात्,
सर्वधर्मव्यवस्थितिः ।
न कर्तव्यमतः पापं,
कर्तव्यो धर्मसंचयः ॥

અર્થ—ધર્મથી સુખ અને પાપથી દુઃખ થાય છે. આ સિદ્ધાન્ત સર્વ ધર્મવાલાઓએ સ્વીકાર્યો છે. માટે પાપ નહિ કરતા ધર્મનો સંગ્રહ કરવો જોઈએ.

ઉપરના શ્લોકથી એ વાત સિદ્ધ થાય છે કે સુખ અને દુઃખ એ આત્માએ ભવાંતરમાં સ્વયં કરેલા પુણ્ય અને પાપના અગર તો ધર્મ અને અધર્મના જ પરિણામો છે. જે લોકો એમ માને છે કે સુખ અને દુઃખને આપનાર ઈશ્વર છે, એ તેમની માન્યતા બીલ્કુલ કપોલ કલ્પિત હોઈ મીથ્યા ઠરે છે. કારણ કે નિરંજન નિરાકાર, પરમકૃપાળુ, અને રાગદ્વેષ વિનાના પરમાત્માને રાગ અને દ્વેષની પ્રવૃત્તિથી બારોબાર ભરેલી દુનિયાને ઉત્પન્ન કરી તેને સુખ અને દુઃખ આપવાનું કોઈપણ પ્રયોજન જણાતું નથી. વળી એકને સુખી અને અન્યને દુઃખી કરનાર માણસ પણ સજ્જનની પંક્તિમાં ગણાતો નથી તો પછી પરમાત્મા જેવી પરમદયાળુ અને મહાન્ વિભૂતિ એકને સુખી અને એકને દુઃખી કરવાની સર્વ સાધારણ મનુષ્યો જેવી પ્રવૃત્તિ આચરે તો એને ઈશ્વર તો શું પણ સજ્જન પણ શી રીતે કહી શકાય ?

પ્રાણી માત્ર પોતાના કર્મ અનુસાર જ સુખ દુઃખોને ભોગવે છે. અન્ય તો નિમિત્તરૂપે જ બને છે. કહ્યું પણ છે કે "As you sow so shall you reap" અર્થાત્ વાવે તેવું લણે અને કરે તેવું પામે. આથી એ સિદ્ધ થાય છે કે સુખ અને દુઃખને આપનાર કોઈ નહિ પણ કર્મ સત્તા જ છે. જે સત્તા મોટી મોટી સલ્તનતોને પણ ઘડીના છઠ્ઠા ભાગમાં જમીનદોસ્ત કરી નાંખે છે.

કદી દેવ, કદી નારકી, કદી મનુષ્ય, તો કદી તીર્યંચ (પશુ પક્ષી આદિ) આદિ જીવોની ભિન્ન ભિન્ન અવસ્થાઓ પણ એ કર્મ સત્તાને જ આભારી છે. શુભકર્મ સત્તાને પુણ્ય કહેવામાં આવે છે. જ્યારે અશુભકર્મ સત્તાને પાપ કહેવામાં આવે છે. જગતમાં નજરે પડતી વિચિત્ર ઘટના પણ પુણ્ય પાપને જ આભારી છે.

મનુષ્યપણું એક સરખું હોવા છતાં તેમાં અનેક પ્રકારના ભેદો કયાં નથી માલુમ પડતા? જેમકે એક રાજા, અન્ય રૈયત, એક ધનાઢ્ય, બીજો રંક, એક જ્ઞાની, અન્ય અજ્ઞાની, એક દેખતો, બીજો અંધો, એક ભોગી, તો એક જોગી, એક મોટરમાં મહાલનાર તો અન્ય પગે ચાલનાર, એક શીરા-પુરી ઉડાવનાર તો એક સૂકા રોટલા માટે પણ ઘર ઘર ભટકનાર, એક ફુલ ડ્રેસમાં સજ્જ થઈ ફરનાર, તો એક પોતાની લાજ ઢાંકવા જેટલા કપડાના ટુકડા માટે ફાંફાં મારનાર, એક નિરોગી, તો એક રોગી, એક ઉચ્ચ તો અન્ય નીચ, એક શેઠ તો અન્ય નોકર, આદિ વિચિત્રતા ઈશ્વર કૃત નહિ પરન્તુ કર્મકૃત છે, એ એક ત્રિકાળ અબાધિત અને અટલ સિદ્ધાન્ત છે.

અનાદિ અનંતકાળથી કર્મસત્તાના ક્રુર પંજામાં ફસાઈ જન્મ મરણની અસહ્ય વેદનાને ભોગવી રહેલા આત્માને તેમાંથી મુક્ત બનાવી સાચા સુખનો ભાગી બનાવવો હોય તો વિના વિલંબે ધર્મસત્તાના શરણે હાજર થવાની જરૂર છે. સુખી થવાની અભિલાષા રાખવા માત્રથી જ સુખી થવાતું નથી, પરન્તુ સાચું સુખ કોને કહેવું, અને તે પ્રાપ્ત કરવા માટેના સાચા ઉપાયો શું છે? તે પણ સમજવાની જરૂર છે. અને સમજ્યા પછી તેનો અમલ કરવાની તેથી પણ વિશેષ જરૂર છે

પાંચે ઇન્દ્રિયોના વિષયોથી ઉત્પન્ન થતું સુખ ક્ષણિક અને વિણાશે ઘોર દુઃખોને આપનારૂં હોઈ તે સુખને જ્ઞાનીઓ સાચું સુખ કહેતા નથી. પરન્તુ કાલ્પનીક કહે છે. પાંચ ઇન્દ્રિયોની મારફતે પ્રાપ્ત થતું સુખ એ આત્મીક સુખ નથી પરંતુ પાહુની સુખ છે. તરવારની તીક્ષ્ણ ધાર ઉપર ચોપડેલા મધને ચાટવાથી ક્ષણિક સ્વાદ પ્રાપ્ત થાય છે પરન્તુ જીભ કપાયા પછી તેનું અસહ્ય દુઃખ ઘણા દિવસો સુધી સહન કરવું પડે છે. તે જ મુજબ ઇંદ્રિય જન્ય સુખથી પ્રાપ્ત થતો સ્વાદ પણ ક્ષણીક હોય છે, પરંતુ તે સુખોના ભોગવટાથી નરક નિગોદના અસહ્ય અને ભેશીતમ દુઃખો અસંખ્ય વર્ષો સુધી આત્માનેજ ભોગવવા પડે છે. જે સુખના પાછળ દુઃખ રહેલું હોય છે તે સાચું સુખ નથી.

સાચું સુખ શાસ્ત્રકારો તેને જ કહે છે કે જે સુખ આવ્યા પછી ફરીએ પાછું જાય જ નહિ. જે સુખના પાછળ દુઃખનો લેશપણ ન હોય, જે સુખ દુઃખથી મિશ્રિત નહિ હોય. જેનાથી ચઢીયાતું સુખ અન્ય કોઈ પણ સ્થળે હોય નહિ. એવા સુખને જ જ્ઞાનીઓ સાચું સુખ કહે છે. એ જ સુખમાં સાચી શાન્તિ હોય છે. તેવા જ સુખની પ્રાપ્તિ થતા આત્મા સાચું સ્વરાજ્ય (True home rule) પ્રાપ્ત કરે છે.

ઉપરોક્ત કસોટીથી Quality વાળું સુખ ચાર ગતિરૂપ સંસારમાં કોઈપણ સ્થળે મળી શકે એમ નથી. પરન્તુ તેવા પ્રકારનું સુખ માત્ર મોક્ષમાં જ પ્રાપ્ત થઈ શકે છે તે પવિત્ર અને શાશ્વત સ્થાનને પ્રાસ કરવા માટે શાસ્ત્રકારોએ સમ્યગ્દર્શન (True Faith) સમ્યગ્જ્ઞાન (True Knowledge)

અને સમ્યક્ચારિત્ર (Right Conduct) એ મોક્ષપ્રાપ્તિનાં
સાધન તરીકે મનાયાં છે.

અનાદિ અનંતકાળથી સંસાર સમુદ્રમાં આમ તેમ ભટકી રહેલી તથા જન્મ મરણના મહાન મોજાંઓની સાથે વારંવાર અથડાતી જીવન નૌકાને કીનારે પહોંચાડનાર જો કોઈ હોય તો આ રત્નત્રયીની અપૂર્વ આરાધના જ છે.

શ્રદ્ધા જ્ઞાન અને ચારિત્રના સંયોગથી જ મોક્ષની સંપ્રાપ્તિ થઈ શકે છે. માત્ર શ્રદ્ધા અને જ્ઞાનથી સંસાર સમુદ્ર તરી શકાતો નથી. સાથે ક્રિયાની પણ જરૂર છે. દવાના જ્ઞાન માત્રથી જેમ દર્દીના રોગ નાશ થતો નથી પણ દવાના સેવનથી રોગ નાશ પામે છે, તે જ મુજબ જન્મ મરણના રોગને નાશ કરવા માટે ચારિત્રરૂપ ઔષધને ખાવાની પણ આવશ્યકતા રહે છે.

તે ચારિત્રના બે પ્રકારો છે. એકનું નામ સર્વવિરતી બીજાનું નામ દેશવિરતી છે. સર્વ વિરતીમાં સંસારના સમસ્ત વૈભવ વિલાસોનો ત્યાગ કરી, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, આ પાંચ મહાવ્રતોનું તેમ છઠ્ઠા રાત્રિભોજનના ત્યાગનું પાલન કરવાનું હોય છે.

સંસારના વૈભવ વિલાસોમાં અત્યંત આસક્તિના કારણે અગર તો શારીરીક અને માનસીક નબળાઈ અથવા તો કોઈ પ્રતિકૂળ સંજોગોને લઈ સર્વવિરતી ધર્મ સ્વીકારવા માટે અશક્ત
મો સ્થૂલ (મોટા) પાપોનો ત્યાગ કરી બારવ્રતોનું
કરે છે જેને દેશવિરતી ધર્મ કહેવામાં આવે છે.

લન સાચા સુખને ઝટ પ્રાપ્ત કરાવે

શકે છે. જ્યારે ગૃહસ્થધર્મનું (બારવ્રતોનું) પાલન પરં-પરાએ પણ મોક્ષ સુખને અર્પણ કરી શકે છે.

માટે અનંતકાળના પરિભ્રમણ પછી પ્રાપ્ત થએલી માનવ-જીવની સુંદર મોસમને, બે ધર્મોમાંથી શક્તિ મુજબ ગમે તે એક ધર્મની આરાધના કરી, સફળ બનાવવા સમજુ આત્મા-ઓએ પ્રયત્નશીલ બનવાની જરૂર છે.

છેવટ કાંઈ ન જ બને તો કંદમૂળ, વાસીભોજન, દ્વિદળ આદિ અભક્ષ્ય વસ્તુનો ત્યાગ, રાત્રિભોજનનો ત્યાગ, સવારના ઓછામાં ઓછું નવકારશીનું પચ્ચખ્ખાણ, સાંજે ચઉવિહાર, તિવિહાર, પૂજા, રોજ એક સામાયિક, તેમજ પક્ષી એક નવ-કારવાળી, ઓછામાં ઓછું આટલું તો શ્રાવક નામ ધરાવ્યા પછી કરવા માટે બનતો ઉદ્યમ જરૂર કરવો જોઈએ. આટલું પણ નહિ કરવાની દરકાર વિનાના માનવીઓને માનવભવની અને વીતરાગ કથીત ધર્મની કીંમત લેશભર પણ નથી. અને તેથી તેઓ માનવભવને વેડફી રહ્યા છે એમ કહેવામાં કશું જ ખોટું નથી.



२. श्रावक शब्दनी व्याख्या.

श्राद्धदिन कृत्यमां श्रावक शब्दोनो अर्थ जणावता देवेन्द्रसूरीश्वरजी महाराज लखे छे केः—

> श्रद्धालुतां श्राति जिनेन्द्रशासने,
> धनानि पात्रेषु वपत्यनारतम् ।
> करोति पुण्यानि सुसाधुसेवना;
> दतोपि तं श्रावकमाहुरुत्तमाः ॥

श्रा—शब्दथी भगवानना शासनमां श्रद्धाने परिपक्व बनां

व—पात्रमां निरंतर पोताना धनने वावे.

क—सुसाधुओनी सेवाद्वारा पुण्यने उपार्जन करे.

उपरोक्त त्रण गुण जेनामां होय ते श्रावक कहेवाय श्रावक ए तो गुणनिष्पन्न शब्द छे. वणीक् ए शब्द ज्ञाति जणावनारो छे. उपरना त्रण गुणोने धारण करनारो गमे ज्ञातिनो होय तो पण ते साचो श्रावक कही शकाय छे. ज्य मात्र श्रावकना कुलमां उत्पन्न थयो होय परंतु उपरोक्त गुं जो न होय तो ते नामनो ज श्रावक कहेवाय छे.

વળી શ્રાવક શબ્દની વ્યુત્પત્તિ કરતાં શાસ્ત્રકાર જણાવે છે કે ગોતિ इति श्रावक: અર્થાત જે સાંભળે એનું નામ શ્રાવક. ન્તુ શું સાંભળવું ! જગતમાં સાંભળવાનું તો ઘણું છે. અને ભળાવનારા પણ સંખ્યાબંધ છે. એટલે તેનું પણ સ્પષ્ટીકરણ તા પૂ૦ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ જણાવે છે કેઃ—

संपत्तदंसणाइ पइदियहं जइजणा सुणेई य ॥
सामायारिं परमं जो खलु तं सावगं विंति ॥

અર્થઃ—જેણે સમ્યક્ત્વ આદિ પ્રાપ્ત કર્યું છે, એવો જે ઈ માણસ પ્રતિદિન સાધુજન પાસે, સાધુ સમાચારી અને ાવકની સમાચારી (શ્રાવકોની ફરજો) સાંભળે છે તે પણ ાવક કહેવાય છે.

શ્રાવક શ્રાવિકાઓના કર્તવ્યોની નોંધ

૧. ચાર ઘડી રાત બાકી રહે એટલે શ્રાવકે જાગૃત થઈ સર્વ મંત્ર શિરોમણી સર્વ મંગલોમાં પરમ મંગલ સ્વરૂપ શ્રી નવકાર મંત્રનું સ્મરણ કરવું. (ઓછામાં ઓછા સાત આઠ નવકાર તો ગણવા.)

૨. હું કોણ છું ? સાધુ છું કે શ્રાવક ? શ્રાવક છું તો શ્રાવકને યોગ્ય અને મારાથી બની શકે એટલી ધર્મકરણી કરૂં છું કે નહિ ? કે શ્રાવકનું નામ માત્ર ધારણ કર્યું છે ? વળી હું કયા કુલમાં ઉત્પન્ન થયો છું ? જે કુલમાં ઉત્પન્ન થયો છું તે કુલને શોભે એવી મારી કાર્યવાહી છે કે તે ઉત્તમ કુલ કલંકીત થાય એવી છે ? વિગેરેનો એક ચિત્તે વિચાર કરે, વિચાર કર્યા બાદ જીવનમાં યોગ્ય સુધારણા કરે.

[illegible]

૪. [illegible]

૫. ત્યાર પછી ત્રસ સ્થાવર આદિ જીવોની રક્ષા પૂર્વક પરિમિત અચિત્ત જળથી (અગર ગળેલા પાણીથી) સ્નાન કરી શુદ્ધ શ્વેત વસ્ત્રો પહેરી આઠ પડનો મુખ કોશ બાંધી ઘરે દહેરાસરના બિંબોની વિધિપૂર્વક પ્રમાર્જના કરી અષ્ટપ્રકારી પૂજા (દ્રવ્ય પૂજા) તથા ચૈત્યવંદન રૂપ ભાવપૂજા કરવી. તથા પ્રતિક્રમણ સમયે આત્મસાક્ષીએ ગ્રહણ કરેલા પચ્ચક્ખાણને પુનઃ ભગવાન સાક્ષીએ ગ્રહણ કરવું. ત્યાર બાદ ગામમાં મોટું દહેરાસર હોય તો વાજતે ગાજતે ત્યાં જઈને પણ ભગવાનની દ્રવ્ય અને ભાવપૂજા ભાવપૂર્વક કરવી. ભગવાનની પૂજા માટે જતાં રસ્તામાં અન્ય ખટપટમાં અગર આરંભ સમારંભની વાતોમાં નહિ

૬. દહેરાસરનું કાર્ય પતી ગયા પછી જો ગુરૂમહારાજનો જોગ હોય તો તેમની પાસે જઇ ભાવપૂર્વક વંદન કરી તેમના મુખેથી પણ ફરી પચ્ચખ્ખાણ કરવું.

૭. ત્યાર બાદ તેમની પાસે આગમ શાસ્ત્રનું શ્રવણ કરવું. ગમે તેવા સંજોગોમાં પણ થોડો સમય કાઢી વ્યાખ્યાન શ્રવણ કરવું જરૂરી છે. વિના ઇચ્છાએ સાંભળેલું ભગવાન મહાવીરનું એક વચન પણ રોહીણીઆ ચોરને ફાંસી આદિની ઘોર સજાથી મુક્ત કરી તેને દેવલોકની અપૂર્વ ઋદ્ધિ અર્પણ કરનારૂં થયું, તો પછી ભાવપૂર્વક અનેક વચનો સાંભળનારની સદ્ગતિ માટે તો પૂછવું જ શું ?

૮. મહારાજને શરીર સંબંધી શાતા પૂછવી. શાતા પૂછયા પછી તેમને જે કાંઇ દવા આદિ વસ્તુઓની તેમ ચારિત્રના ઉપકરણની જરૂર હોય તો તેમને લાવી આપવા. તો જ શાતા પૂછયાની સાર્થકતા થઇ કહેવાય.

૯. ત્યાર બાદ સંસારના કાર્યમાં જોડાય તો વ્યવહારથી વિરૂદ્ધ અનેક પાપારંભવાળા અને શિષ્ટ પુરૂષોની અપેક્ષાએ નિંદનીય વ્યાપારો ન કરે.

૧૦. કાલે એટલે સમયસર વખોડ્યા અગર વખાણ્યા વિના, જીભ્ડાની લોલુપતાને ત્યજી, શરીર એ ધર્મ આરાધવાનું સાધન હોઇ તેને પોષવાની જરૂર છે, એ જ ઇરાદાથી અને અણાહારી પદ પ્રાપ્ત કરવાની અભિલાષા પૂર્વક ભાવશ્યુ ભોજન કરે. પોતે ભોજન કરવા બેસે ત્યારે કોઇ અતિથિ (મુનિરાજ) આવી જાય તો હું તેમને વહોરાવીને જમું, એવી શુભ ભાવના રાખે. થોડીવાર ઘર બહાર

નીકલી રાહ પણ જુએ. તે પછી સાધર્મીભાઇની ભક્તિ કરવાનો લાભ ઉઠાવે, તથા પોતાના સ્વજન, નોકર, ચાકર આદિઓ જમ્યા છે કે નહિ ? તેમની પણ સંભાળ રાખે ભોજન કરવાની આજ ખરી વિધિ છે.

૧૧. જમી રહ્યા પછી મુઠસી ગંઠસી આદિનું પચ્ચખ્ખાણ કરવું. તે પચ્ચખ્ખાણ કરનારાને મહિનામાં અઠ્ઠાવીસ ઓગણત્રીસ ઉપવાસનો ખાતાપીતા લાભ પ્રાપ્ત થાય છે.

૧૨. સાંજના સૂર્યાસ્ત પહેલા વહેલા વાળુપાણી કરી દહેરાસર જઈ દીપ પૂજા, ધૂપ પૂજા આદિથી ભગવાનની ભક્તિ કરે. અને ચઉવિહાર, તિવિહારનું યથાશક્તિ પચ્ચખ્ખાણ કરવું.

૧૩. તે પછી ઉપાશ્રયે જઈ દિવસ સંબંધી થએલા પાપોનો નાશ કરવામાં અપૂર્વ ઔષધ સમાન પ્રતિક્રમણ એકચિત્ત થઇને કરે. પ્રતિક્રમણ બાદ મુનિરાજની વૈયાવચ્ચ કરે. (પ્રસંગ આવે તો શ્રાવકની પણ વૈયાવચ્ચ કરવાની છે.) ત્યાર બાદ પોતે જે અભ્યાસ કરેલો છે તેનો સ્વાધ્યાય કરી જાય. (ઉપાશ્રયમાં પવન સારો આવે છે માટે લાંબા થઇને સુઈ ન જાય.)

૧૪. પ્રતિક્રમણ, વૈયાવચ્ચ, અને સ્વાધ્યાય આદિ ધર્મ ક્રિયાઓ કર્યા પછી શ્રાવક પોતાના ઘેર જાય. અને પોતાના કુટુંબને એકઠું કરી મુનિરાજ પાસે સાંભળેલો ઉપદેશ કહી સંભળાવે. પોતે જાણતો હોય તો સારી સારી ધર્મ કથાઓ કહે કે જેથી પોતાનું કુટુંબ ધર્મમાર્ગ ઉપર સ્થિર બની માનવજન્મની સફળતા કરવાની સુંદર તક પ્રાપ્ત કરે.

[illegible] વખતે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

શરીરનો સ્વભાવ સડન, પડન, અને વિધ્વંસન છે. તેની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી. વળી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વિચાર કરે. તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] હે ચેતન ! તું કેમ મૂંઝાય છે ? [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. માટે તેનો [illegible] કરી [illegible] જીવન [illegible] છે. વિગેરેનો વિચાર કરે.

[illegible] [illegible] વિશુદ્ધ [illegible] [illegible] [illegible] આત્માઓની [illegible] કરી તેમના ઉપર બહુમાન રાખવું. સંસારની અસારતાનો વિચાર કરી તેનાથી મુક્ત થઈ આત્માની [illegible] [illegible] કરવાની [illegible] [illegible] પ્રયત્ન કરવો. [illegible] જીવની [illegible] [illegible] આધિ, વ્યાધિ અને ઉપાધિઓની [illegible], જન્મ અને મરણને વધારનાર આ સંસારના વિયોગને તિલાંજલિ આપી સદ્ગુરુઓના ચરણે [illegible] જીવનને ક્યારે અર્પણ કરીશ, વિગેરે ભાવના ભાવી, યથાશક્તિ તે દિશામાં ઉદ્યમ કરવો.

૩ સાધુની સાથે શ્રાવકને ચાર પ્રકારનું સગપણ

૧. માતાસમાન—જેમ માતા પોતાના પુત્રની દરેક પ્રકારે સારસંભાળ રાખે છે. તેના વિરૂદ્ધ આચરણને જોઈને તેના ઉપર નિઃસ્નેહ કદી બની નથી કહેવાની જરૂર જણાય તે ખાનગીમાં શીખામણ આપે છે. તેજ મુજબ જે શ્રાવકો સાધુ મહારાજની સાર સંભાળ રાખે છે, તેની સ્ખલનાઓ જોતાં છતાં તેમના ઉપરના સ્નેહને દૂર કરતા નથી, કહેવા જોગું ખાનગીમાં કહી દે છે તે શ્રાવકો સાધુના માત પિતા સમાન છે.

૨. ભાઇસમાન—મુનિ મહારાજને માટે હૃદયમાં સ્નેહને ધારણ કરે પરન્તુ બહારથી વિનય વિવેક આદિ મર્યાદાઓ સાચવવામાં મંદ આદર રાખનારો હોય, પરન્તુ સાધુ મહારાજનો કોઇ પરાભવ કરે ત્યારે મદદ કરવા તરતજ તૈયાર થાય તેવો શ્રાવક સાધુના ભાઇ સમાન છે.

૩. મિત્રસમાન—મુનિ મહારાજ કોઇ પણ કાર્યમાં તેની સાથે પૂછપરછ કરે નહિ અગર તેની કાંઇ સલાહ લે નહિ ત્યારે સાધુ મહારાજથી રીસાઇ જાય, પોતાની જાતને મુનિના કરતા અધિક માને તેવા શ્રાવકો સાધુના મિત્ર તુલ્ય ગણાય છે

૪. શોક સમાન—જે શ્રાવકો હંમેશા અક્કડ રહેનારા હોય છિદ્રો જોયા કરતા હોય અને હંમેશા જેની તેની પાસે સાધુના અવગુણોજ ગાયા કરતા હોય તથા સાધુને તૃણ સમાન ગણુતા હોય તે શ્રાવકો શોક જેવા ગણાય છે.



૪ દેવપૂજા અને દર્શનની મહત્તા.

પંચમકાળના પ્રભાવે કહો અગર તો આપણા પાપોદયને
યે કહો, ગમે તેમ સમજો પરન્તુ એ તો ચોક્કસ જ છે કે
જે આપણે સાક્ષાત્ તીર્થંકર દેવોના દર્શન કરવાનું સદ્-
ાગ્ય પ્રાપ્ત કરી શક્યા નથી. છતાં પણ તેમની ગેરહાજરીમાં
મના અનંતગુણોનું સ્મરણ કરાવતી સમતારસમાં ઝીલતી,
ગ અને દ્વેષ વિનાની અને અખંડ જ્યોતિને ધારણ કરનારી,
ર્તિની પૂજા અને દર્શન કરવાની, સુંદર સામગ્રીને પામી
કયા છીએ, એ કાંઈ ઓછા ભાગ્યની વાત નથી. જિનપ્રતિમા
ણ જિનસરખી જ કહેવાય છે. એ માટે રાયપસેણી સૂત્ર
રમાવે છે કે, जिन पडिमा जिन सारीखी. વીતરાગ દેવની
જા અને તેમના દર્શનનો લાભ મનુષ્યોને અનંતકાળની રખડ-
ટી પછી પ્રાપ્ત થાય છે. તે સુંદર તકને સુજ્ઞ મનુષ્યોએ જતી
રવા જેવી નથી. રાજા મહારાજાની સેવા તો કદાચ એક બે
ામડા અપાવે; પરન્તુ પોતાની રાજગાદી નહિ આપે. પણ
ીતરાગ દેવની સેવા-પૂજા તો સાક્ષાત્ પોતાના જેવી વીતરા-
ાતાનેજ સમર્પણ કરી દે છે. વીતરાગ દેવની સેવા વાસ્તવિક
ીતે તો વીતરાગ બનવાના હેતુથી જ કરવી જરૂરી છે. તેમની
ાસે પૌદ્ગલિક વસ્તુની માંગણી કરનારાઓ સોનાની કણીના
ાટે બોર અગર સુડી ચણા ખરીદવા જેવી બાલીશ ચેષ્ટા કરે
ે. ઘઉંની ખેતી કરનારાને જેમ ઘાસ તો આપોઆપ મળીજ
હે છે, તેમ વીતરાગ દેવની પૂજા મોક્ષબુદ્ધિથી કરનારાને જ્યાં
ુધી તે મોક્ષ ન જાય ત્યાં સુધી દુનિયાના તમામ પૌદ્ગલિક
ુખની પ્રાપ્તિ કરાવે જ છે. માટે મોક્ષ અને સાંસારીક
ુખોની ઈચ્છાવાલાઓ વીતરાગ દેવની મૂર્તિની પૂજા

[illegible]

અરે! દુનિયામાં [illegible] પણ વ્યાપાર [illegible], [illegible]
વ્યાપાર કરવા પહેલાની [illegible] કરવા માત્રથી [illegible]
પડતો હોય. જગતના [illegible] વ્યાપારોમાં તન, મન, [illegible]
ધનનો ભોગ આપવો પડે છે, [illegible]
તુ છે. પરન્તુ વીતરાગ દેવના દર્શન કરવા જવાની વાત [illegible]
: રહી પણ દર્શન કરવાની ઇચ્છા કરવા માત્રથી તેને [illegible]
વો શરૂ થઈ જાય છે. દહેરે જવાની ભાવના કરવાથી, [illegible]
ાટે ઉભા થવાથી, રસ્તામાં ચાલવાથી શું શું ફળ થાય છે
ીચે જણાવેલ પૂ. વિનયવિજયજી મહારાજ રચીત [illegible]
ાલુમ પડી શકશે.

પ્રણમી શ્રી ગુરૂરાજ આજ, જિનમંદિર કેરો,
પુન્ય ભણી કરશું સફળ, જિન વચન ભલેરો. ૧

દહેરે જાવા મન કરે, [1]ચોથ તણું ફળ પાવે;
જિન જુહારવા ઉઠતાં, છઠ્ઠ પોતે આવે. ૨

જઈશું જિનવર ભણીએ, માર્ગ ચાલંતા;
હોવે દ્વાદશ[2] તણું પુન્ય, ભક્તિ માલંતા.

અર્ધ પંથ જિનવર તણો એ, પંદરે ઉપવાસ;
દીઠો સ્વામી તણો ભુવન, લહીએ એક માસ.

---

૧. ઉપવાસ. ૨ પાંચ ઉપવાસ.

[illegible]
[illegible] ૫.

[illegible]
[illegible] ૬.

[illegible]
[illegible] ૭.

[illegible]
[illegible] ૮.

[illegible]
[illegible] ૯.

[illegible]
[illegible] ૧૦.

[illegible]
[illegible] ૧૧.

[illegible]
[illegible] ૧૨.

[illegible]

[illegible]

[illegible]
મનુષ્યોને તો [illegible]
પ્રમાદ કરો [illegible] નથી

[illegible]
[illegible]

ઉપરનો દોહરો [illegible] આપે છે. [illegible] વાતો દૂર રહી; પરન્તુ તેની સન્મુખ જવામાં આવતા [illegible] પણ હજાર ક્રોડ ભવના પાપને દૂર કરી દે છે; પરન્તુ [illegible] રસ્તામાં પાપવિચારના લગતા તો બહુધાજ હોય છે, [illegible] રૂં જે શુદ્ધ ચિંતન કરીને જ શક્યું હોય છે, અને સંસાર વ્યાપાર આદિની ખટપટ તો ચાલુજ રાખી હોય છે, તેમજ જિનરાજના ધ્યાનને બદલે અન્યનુંજ ધ્યાન ચાલતું હોય એવું લગું તેટલા પાપને દૂર નહિ કરી શકે એ સ્વાભાવિક છે.

તેજ મુજબ જિનમંદિરે આવવા નીકળેલો પણ જો રસ્તામાં વાતના ગપાટા મારતો રહે, વચમાં કામ પડે અનેક દુકાનોની અને મિત્રોની વીઝીટ લેતો રહે અને વ્યાપાર–ધંધામાં પણ માથું મારતો જાય તો તેવા માણસને ઉપરનાં ચૈત્યવંદનમાં દાખેલ ફળ સંપૂર્ણ મળી શકતું નથી; માટે સંપૂર્ણ ફળને પ્રાપ્ત કરવાની ભાવનાવાળાએ ઘરથી નીકળી બની શકે તો મૌનપણે, કોઈ જીવજંતુ પગ તળે દબાઇને મરી ન જાય એ માટે નીચી દૃષ્ટિ રાખીને, મનમાં વીતરાગ દેવનું જ ધ્યાન કરતા અને રસ્તામાં કદાચ લાખો રૂપીયાનો નફો થતો હોય તો તેવા લાભને પણ લાત મારી, જિનમંદિરે આવી અષ્ટપ્રકારી પૂજા કરવી.

---

૫ પ્રતિજ્ઞાની આવશ્યકતા

પ્રતિજ્ઞા, પચ્ચખ્ખાણ, સોગન, શપથ બાધા, કે આખડી, આદિ શબ્દો એક જ વાતને બતાવનારા છે. જીવનમાં રહેલી પાપવૃત્તિઓને રોકવા માટે પ્રતિજ્ઞાની અનિવાર્ય જરૂર છે. પ્રતિજ્ઞા લેવી કે ન લેવી એ એક જુદી વાત છે પરન્તુ તેની જરૂરીઆતને સમજવાની કોશિષ તો કરવી જ જોઇએ. પરન્તુ અફસોસની વાત છે કે જ્યારે ગુરૂ મહારાજ કોઇને પચ્ચખ્ખાણની વાત કરે છે ત્યારે વાજાથી જેમ ભેંસ ભડકે છે. તેમ બાધાના નામથી કેટલાક ભદ્રિક આત્માઓ ભડકી ઉઠે છે. અને બીજી બાધા ન લેતા ઉપાશ્રયના પગથીયા ઉપર ન ચઢવાની બાધા તો લઇને જાય છે. આ એક તેમની નરી અજ્ઞાનતા અને ઉતાવળીયું પગલું ગણાય.

[illegible]
ઓને તેઓ [illegible]
[illegible]
અને [illegible]
[illegible]
તેમને માટે [illegible]
અને ન રુચે તો નહિ તે. મહારાજ [illegible]
ડીને ભાગતા નથી.

પરન્તુ જ્યારે પ્રતિજ્ઞાની વાત થાય ત્યારે તેઓ તો [illegible] કહે છે કે સાહેબ? અમો ખાતા નથી. પછી અમોને પા[illegible] શેનું લાગે? અને પચ્ચખ્ખાણની શી જરૂર છે? આવું બો[illegible] નારાઓ પાપ શાથી આવે છે? અને પચ્ચખ્ખાણની શી [illegible] છે? તેને હજુ સમજવા કોશિષ કરી જ નથી. વળી જ[illegible] ગુરૂ મહારાજ તેને પૂછે છે કે જો તમો અમુક વસ્તુ ખાત[illegible] નથી, અને ભોગવતા જ નથી. તો પછી પ્રતિજ્ઞા લેવામાં ત[illegible] અડચણ શી આવે છે? ત્યારે તેઓ જવાબમાં કહે છે [illegible] તો સાહેબ! કોઇ વખત ખાવાનો પ્રસંગ આવી જાય. [illegible] થઈ જાય તો ખાવું પડે. આથી સિદ્ધ થાય છે કે હ[illegible] વસ્તુ ઉપરની ઇચ્છા ખસી નથી. અને ત્યાં સુધી તે વ[illegible] ઉપરની ઈચ્છા જાય નહિ, અને ખાવાનો પ્રસંગ ક્યા[illegible] આવશે તે દિવસ નક્કી થાય નહિ, ત્યાં સુધી રોજને પાપના ભાગીદાર બનવું પડે છે.

બગીચામાં પાણીને જવા માટે નીક (નહેર) હો[illegible] શહેરમાં મનુષ્યોને પેસવા માટે દરવાજા હોય છે. હવા અને કચરાને પેસવા માટે બારી બારણા હોય છે. તેમ

કચરાને પેસવા માટે કોઈ માર્ગ તો હોવો જ જોઈએ ને ? પ કંઈ કોઈને ઉડીને તો આવી જતું નથી ને ? માટે જ્યાં ધી કર્મ રૂપ કચરાને પેસવાના માર્ગોનું જ્ઞાન નહિ થાય ને જ્ઞાન થયા પછી તે માર્ગોને બંધ કરવામાં નહિ આવે ાં સુધી આત્મારૂપ મકાનમાં કચરો પેસતો જ રહે છે.

જૈન શાસ્ત્રકારોએ કર્મોને આવવા માટેના ચાર માર્ગો બતા- ા છે. જેમાં નાના માર્ગોનો પણ સમાવેશ થઈ જાય છે.

૧. મિથ્યાત્વ ૨. અવિરતિ. ૩. કષાય. ૪. યોગ

. સર્વજ્ઞ ભગવાને કહેલા તત્ત્વથી વિરુદ્ધ માન્યતા રાખવાથી પાપ આવે છે.

. કોઈ પણ પાપપ્રવૃત્તિને પ્રતિજ્ઞાદ્વારા નહિ રોકવાથી પાપ આવે છે.

. ક્રોધ, માન, માયા અને લોભથી પાપ બંધાય છે.

. મન, વચન અને કાયાને પાપપ્રવૃત્તિમાં જોડવાથી પાપ આવે છે.

ઉપરોક્ત ચાર પાપના માર્ગોમાંથી બીજા નંબરના પાપ- ર્ગને અવિરતિ કહેવામાં આવે છે. અવિરતિ એટલે કોઈ સું પાપ પ્રવૃત્તિને પચ્ચક્ખાણ દ્વારા નહિ રોકવી તે. આથી ે સાબીત થાય છે કે કોઈ પણ વસ્તુ ખાવ કે નહિ ખાવ- ો કે નહિ પીઓ, ભોગવો કે નહિ ભોગવો તો પણ તે સ્તુની પ્રતિજ્ઞા ન હોવાથી આત્મા પાપરૂપ પંક (કાદવથી) પાય જ છે. કારણ કે આત્મારૂપ બગીચામાં પાપરૂપ નીરને વનારી તે વસ્તુઓ ઉપરની અભિલાષા-લાલસા કે ઇચ્છા

વસ્તુનો ત્યાગ, [illegible]

જ્યાં જ્યાં નજરે પડે ત્યાં ત્યાં તેનો ત્યાગ છે, એમ માનશો તો બીજે જણાવેલાઓને પણ ત્યાગીની કોટિમાં મૂકવાનો પ્રસંગ આવશે.

૧. માત્ર લંગોટીભેર રહેનારા, [illegible] માંગી ખાનારા અને ફૂટપાથ ઉપર સૂઈ રહેનારાઓ, સુંદર વસ્ત્રોના ઠાઠ ઠઠેરીના કે ખાનપાનના ત્યાગી છે એમ ગણાશે?

૨. ગરીબ મજુરો અને જંગલી ભીલોને ઘી, દૂધ, ખાવાનું પીવાનું તો દૂર રહ્યું પણ જોવાનું પણ ભાગ્યે જ મળે છે તો તેઓ એ વિગયના ત્યાગી કહેવાય ખરા?

૩. મુંગા માણસને સત્યવાદી, ઠુંઠાને અહિંસક, અને પાંગળાને દિશા પરિમાણવ્રતને ધારણ કરનારો, અને નપુંસકને બ્રહ્મચારી કહેશો ખરા?

૪. ટાઇફોઇડ ફીવરમાં મોસંબીના રસને પીનારાઓ અને સંગ્રહણીના રોગમાં છાશને પીનારા, દુનિયામાં રહેલા સમસ્ત ઇષ્ટ અને મીષ્ટ પદાર્થોના ત્યાગી કહેવાશે?

૫. મુસાફરીમાં કોઈ વખત બીલ્કુલ ખાવાનું નહિ મળવાથી ભુખે રહેનારા, રીસાઈ જઇને ભુખે મરનાર અથવા બીમારીના કારણે ભૂખે રહેનારા, અગર તો વૃદ્ધાવસ્થાના કારણે નહિ પચી શકવાથી માત્ર એક જ વખત ખાનારા શું ઉપવાસ અગર એકાસણા કરનારા છે એમ કદી કહેવાશે?

૬. નાટક જોઇને મોડી રાતે સુનારો કદાચ પથારીમાંથી દશ વાગે ઉઠે તો તેને નવકારશીના અગર પોરસીના પચ્ચખ્ખાણનો લાભ મળી શકે ખરો?

૭. હજારો વર્ષ સુધી દેવતાઓને આહાર ખાવાની ઇચ્છા પણ થતી નથી છતાં પણ તેમને ઉપવાસથી થતો લાભ પ્રાપ્ત થતો નથી તેમાં પણ પ્રતિજ્ઞાનો અભાવજ કારણ છે ને ?

૮. હિંસા કરનારો કસાઈ ઉંઘતો હોય ત્યારે હિંસા નથી કરતો તેથી તે કાંઇ રાત્રે અહિંસક છે એમ કહી શકાય નહિં. કારણ કે તેણે હિંસાના પરિણામને પચ્ચખ્ખાણ-દ્વારા રોકયા નથી.

૯. શક્તિના અભાવે અગર તો હિંસા કરવાના સાધનના અભાવે બધાજ અહિંસક કહેવાતા હોય તો પછી ઝાડ તો સ્થિરજ રહે છે. કાંઇપણ કોઈને નુકશાન કરતું નથી. તો પછી તેનો સ્વર્ગ અગર મોક્ષ ઝટ થઈ જવો જોઇએ. પણ તેમ બનતું નથી. તેમાં કોઈપણ કારણ હોય તો તેની અહિંસકભાવની દેખાતી સઘળી ક્રિયાઓ ઇચ્છા-પૂર્વકની નથી. પ્રતિજ્ઞાપૂર્વક તેણે સઘળા પાપના સ્થાનકો ત્યાગ્યા નથી.

૧૦. અરે બધી વાત જવાદોને ! જન્મથી જ પવિત્ર જીવને જીવનારા ખુદ તીર્થંકરદેવો પણ સમસ્ત સંસારનો ત્યાગ કરતી વખતે सव्वं सावज्जं जोगं पच्चक्खामी (અર્થ:— તમામ પાપકારી કાર્યોનો હું આજથી ત્યાગ કરૂં છું.) એ કરેમિભંતેના પાઠથી સંખ્યાબંધ માનવો અને દેવો સમક્ષ પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે. કહો; પ્રતિજ્ઞાની મહત્તા અને તેની જરૂરીઆત બતાવવા માટે આનાથી સચોટ પુરાવો બીજો કયો છે ? મન ચંગા તો કથરોટમેં ગંગા એમ બોલનારાઓના ચિત્તો તીર્થંકરદેવો કરતા અધિક

નિર્મળ હશે ! એમને ! આજની રાષ્ટ્રસરકારે પણ સત્તા ઉપર આવતા પહેલા પ્રજાને વફાદાર બની રહેવા માટે પંદરમી ઓગસ્ટે પ્રજાસમક્ષ કરેલી સોગંદવિધિ પણ પચ્ચખ્ખાણની મહતાને જ સાબીત કરે છે.

૧. પાણીના નળનું તેમ ઇલેકટ્રીક લાઇટનું કનેકશન તમો જ્યાં સુધી કાપો નહિ ત્યાં સુધી તેનો વાર્ષિક ટેકસ તમારે ભરવો જ પડે છે. ભલે પછી તેનો તમો ઉપયોગ નહિ પણ કરતા હો.

૨. તમોએ ભાડે રાખેલા ઘરનો કબજો તે ઘરના માલીકને સોંપો નહિ ત્યાં સુધી તેમાં તમો રહો કે ન રહો, તો પણ તેનું ભાડું તમારે આપવું જ પડે છે.

તે જ મુજબ જ્યાં સુધી તમો ભક્ષ્ય કે અભક્ષ્ય પદાર્થો ઉપરની તમારી લાલસાના તારને પ્રતિજ્ઞા વડે કાપો નહિ ત્યાં સુધી તેના પાપના ભાગીદાર થવું જ પડે છે.

મનુષ્યોએ ઉપર જણાવેલ તે તે વસ્તુઓના ઉપરની લાલસાને છોડી દઇ જ્યાં સુધી પચ્ચખ્ખાણ કર્યું નથી, ત્યાં સુધી તેઓ તેના ત્યાગી છે એમ પણ કહેવાય જ નહિ.

કોઇ માણસ તમારે ત્યાં વ્યાજ વિગેરેની વાતચીત કર્યા વિના રૂપીયા મૂકી જાય તો તેને વ્યાજ મળતું નથી, તેમ જગતના ભક્ષ્ય અગર તો અભક્ષ્ય પદાર્થોને નહિ ખાવાની પ્રતિજ્ઞા ધારણ નહિ કરે ત્યાં સુધી તેનું પાપ આવ્યાજ કરે છે.

કોઇ એક વ્યાપારી પેઢીનો ભાગીદાર તે પેઢીમાંથી જ્યાં સુધી પોતે છુટા થવાની નોટીસ આપે નહિ, ત્યાં સુધી

પેઢીમાં થતા નફાનો અગર તો ટોટાનો ભાગીદાર જરૂર થાય છે. તેજ મુજબ જગતમાં રહેલી અનેક પ્રકારની પાપ કર્મોની પેઢીમાંથી આત્મા પ્રતિજ્ઞા રૂપી નોટીસ આપી છુટો થતો નથી, ત્યાં સુધી તે પાપનો ભાગીદાર જરૂર બને છે.

ઉપરની હકીકતથી સૌને પચ્ચખ્ખાણની મહત્તા સમજાઈ હશે. હવે અમે ખાતા નથી તો શા માટે બાધા લઈએ એમ નહિ બોલતા જેના વિના નભાવી શકાતું હોય તેવા સઘળા ભક્ષ્ય અગર અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરવા કમ્મર કસવા ભલામણ છે. નરકમાં અને પશુ પક્ષીઓની યોનિમાં પરતંત્ર-પણે તો ભૂખ-તરસ ટાઢ અને તડકા આદિ અનેકવિધ તકલીફો ક્યાં નથી સહન કરી? પરન્તુ તે તકલીફોમાં ધર્મબુદ્ધિનો ઉદ્દેશ ન હોવાથી તેનાથી માત્ર અકામનિર્જરાજ થવા પામી છે. આત્માને જે લાભ થવો જોઈએ તે થયો નથી. માટે હવે માનવ ભવ પામી વ્રત પચ્ચખ્ખાણ તપ-જપ નિત્ય નિયમોમાં રક્ત બની તે ભવની સાચી સફળતા કરવા ભાગ્યશાળી બનો.



૬ પચ્ચખ્ખાણનું ફળ

સવારના જઘન્યથી (ઓછામાં ઓછું) નવકારશી અને સાંજના ચઉવિહારનું પચ્ચખ્ખાણ કરનારો તીર્યંચ કે નરકગતિમાં જતો નથી. અને નવકારશી આદિ પચ્ચખ્ખાણ કરનારાઓને કેવો અને કેટલો સુંદર લાભ થાય છે, જે નીચેની હકીકતથી જાણી શકાશે. નારકીમાં રહેલો આત્મા અકામનિર્જરા વડે (ધર્મની ભાવના વિના જે દુઃખો સહન કરવામાં આવે છે. અને તેનાથી જે કર્મો ક્ષય થાય છે તેને અકામનિર્જરા કહેવાય છે.) બેસીતમ અને અસહ્ય દુઃખોને સહન કરવાથી સો વર્ષમાં જેટલાં કર્મો ખપાવે, તેટલા જ કર્મો માત્ર નવકારશીનું પચ્ચખ્ખાણ કરનારો ખપાવી શકે છે. પોરસીથી એક હજાર વર્ષના સાર્ધ પોરસીથી દશ હજાર વર્ષના, પરિમૂઢથી એક લાખ વર્ષના, એકાસણાથી દશ લાખ વર્ષના, નિવિથી એક ક્રો વર્ષના, એકલઠાણાથી (આ પચ્ચખ્ખાણમાં માત્ર હાથ અને મોં સિવાય કોઇ અંગ હલવું ન જોઇએ, અને ઠામ ચઉવિહાર કરવો જોઇએ) દશ ક્રોડ વર્ષના એકલ દત્તથી (આ પચ્ચખ્ખાણમા પહેલી વખત જેટલું ભાણામા પીરસાય તેટલુંજ ખાઇ ઉઠી જવાનું હોય છે.) સો ક્રોડ વર્ષના, આંબીલથી એક હજાર ક્રોડ વર્ષના અને ઉપવાસથી દશ હજાર ક્રોડ વર્ષના કર્મ ખપાવી શકાય છે. આ પ્રમાણે એક એક ઉપવાસની વૃદ્ધિએ દશ ગુણા વર્ષો વધારતા જવું. નરકના ઘોર દુઃખોના ભોગવટાથી જે કર્મો ખપે છે તેટલા કર્મોનો ઉપર જણાવેલ તપસ્યા કરવાથી ચુરો થઇ જાય છે. માટે સુજ્ઞ સ્ત્રી-પુરૂષોએ યથાશક્તિ વ્રત નિયમો કરવા તથા કર્યાં પછી તેનું પાલન કરવા ઉદ્યમશીલ બનવું.

૭. બાધા ભાંગી નાખવી તેના કરતા ન લેવી ઠીક એમ બોલનારા મહાનુભાવો પ્રત્યે

બાધા ભાંગી નાખવી તેના કરતા ન લેવી ઠીક, એ વાત
ચી છે. પરન્તુ બાધા ભાંગી નાખવા માટે સુગુરૂઓ આપતા
નથી તેમ ડાહ્યા માણસો લેતા પણ નથી.

બાધા હંમેશા પાળવા માટેજ અપાય છે. અને લેનારાએ
પ્રતિજ્ઞાપાલન કરવા માટે જ લે છે. વળી બાધા ભાંગી
ખવી અને બાધા ભાંગી જાય એ બે વસ્તુમાં ઘણો તફાવત
જ્યારે બાધાની વાત થાય છે, ત્યારે ઘણાં મનુષ્યો તો
આતમાં જ સાહેબ! ભાંગી જાય તો! એમ કહી મુઆ

પહેલાજ મોકાણ માંડે છે. હજુ લીધા પહેલાજ ભાંગી નાખવાની વાત કરનારાઓ, "રડતો જાય ઓ મુઆનીજ ખબર લાવે" એ કહેવતને ચરિતાર્થ કરનારા છે. પરન્તુ તેઓ સંસારના કાર્યમાં એવો કશોજ વિચાર કરતા નથી. અને તેમ કરવા જાય તો સંસારનો એક પણ વ્યવહાર ચાલી શકે જ નહિ. દાખલા તરીકે દુકાન ખોલતી વખતે દેવાળુ આવશે તો ! છોકરી પરણાવું છું તો ખરો પણ રાંડશે તો ! ઘર બંધાવું છું તો ખરો પણ ધરતીકંપના આચકાથી પડી જશે તો ! સ્ત્રી પરણું છું તો ખરો પણ પરણ્યા પછી થોડાજ દિવસમાં મરી જાય અને બધો ખર્ચ નકામો જશે તો ! ડોકટર, વકીલ આદિની ડીગ્રીઓ પ્રાપ્ત કરવા હજારો રૂપીયા ખર્ચ કરીને ભણું છું તો ખરો પણ તે ડીગ્રીઓ મળ્યા પછી તરતજ હું મરી જાઉં તો બધા પૈસા અને મહેનત નકામી જાય ને ! સ્ટીમરમાં બેસી વિલાયત જાઉં અને કદાચ વચમાં જ સ્ટીમર ડુબી જાય તો ! ઉપરોક્ત સઘળા કાર્યોમાં જો આવા વિચાર કરવામાં આવે તો સંસારનું એકપણ કાર્ય બની શકશે નહિ. એવા પ્રસંગે માત્ર વર્તમાનકાળના જ સંજોગો જોવા જરૂરી છે. ભવિષ્યમાં શું થશે તેનું આપણને જ્ઞાન નથી, માટે ભવિષ્યમાં થતા નુકશાનની શંકા માત્રથી કોઇપણ કાર્ય અટકાવી શકાય નહિ. વેપારમાં ટોટો આવશે એવી શંકાથી વેપારને જ નહિ કરનારો ઘણા પ્રાપ્તિના લાભને મેળવી શકતો નથી. મરી જવાના ભયથી ભણતો જ નથી તે ઠોઠ રહે છે. તેજ મુજબ પ્રતિજ્ઞા ભાંગી જશે એવી ખોટી શંકાથી પ્રતિજ્ઞાને નહિ લેનારો પચ્ચખ્ખાણ (પાપના અટકાવ રૂપ) થતા લાભથી સદાને માટે વંચિત રહે છે. માટે દરેક સુજ્ઞ મનુષ્યે મન મજબુત બનાવી પચ્ચ-

પ્રમાણથી થતા લાભના મર્મને સમજી પ્રતિજ્ઞા ગ્રહણ કરવામાં પ્રમાદ કરવો ઠીક નથી. બાધા ભાંગી નાખવાના ઇરાદાથી બાધા લેનારો તો મૂર્ખ માણસ છે. કદાચ લીધા પછી કર્મ-વશાત્ મોહના પાસમાં ફસાઈ જઇ બાધા ભંગ થઇ જાય તો તે માણસ તો પ્રાયશ્ચિત લઈ શુદ્ધ બની શકે છે. તે પોતાના ગુન્હામાંથી મુક્ત થાય છે. પ્રતિજ્ઞા મનુષ્યોને અકાર્યમાંથી બચાવી લે છે. કોઇ પણ અકાર્યમાં પ્રવૃત્તિ કરવાની ભાવના-વાળો તે કાર્ય કરતા પહેલાં વિચાર જરૂર કરશે કે, મને તો આ કાર્ય નહિ કરવાનો નિયમ છે. મેં ગુરૂ સાક્ષીએ વ્રત ગ્રહણ કર્યું છે. મારાથી તે વ્રત પ્રાણાંતે પણ ભંગાયજ કેમ ? વિગેરે શુભ વિચાર પ્રતિજ્ઞાવાલા માણસને આવ્યા વિના નહિ રહે. માટે પ્રતિજ્ઞાની મહત્તા સમજ્યા પછી બાધા ભાંગી જાય માટે નહિ લેવી એવો ખોટો નિશ્ચય કરી લેવાની જરૂર નથી. બીલ્કુલ બાધા નહિ લેનારો તો સઘળા પાપથી લેપાયલોજ રહે છે. જ્યારે પ્રતિજ્ઞા પાળનારો તો જ્યાં સુધી પ્રતિજ્ઞા પાળશે, ત્યાં સુધીના થયેલા લાભનો ભાગી થશે. વળી તેને તે પાપનો પશ્ચાતાપ રહેશે. હાં ! પ્રતિજ્ઞા લેનારાએ, તથા દેનારાએ, પ્રતિજ્ઞાના પાલનથી થતા પુણ્યને અને ભંગથી થતા પાપને સમજવાની તથા સમજાવવાની કોશિષ તો જરૂર કરવી જોઇએ. મારી બાંધી મુસલમાન કરવાની ટેવ ન રાખવી.



૮. તપનું મહાત્મ્ય

કર્મ ખપાવે ચીકણા, ભાવ મંગળ તપ
પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણ

અનાદિ અનંતકાળથી કર્મને વિવશ બને સમસ્ત પ્રાણીઓને આધિ વ્યાધિ અને ઉપા તાપની અસહ્ય પીડા અર્પણ કરનારા ચતુર્વિધગ... ર રમાં દીર્ઘ પરિભ્રમણ પછી મહાન્ પુણ્યોદયથી ક્વચિતજ માનવદેહની પ્રાપ્તિ થાય છે. જે માનવભવ, ધર્મ મંગળની આરાધના માટેની સુંદર અને સોનેરી તક ગણાય છે.

જગતના સર્વ મંગલોમાં ધર્મ એજ ઉત્કૃષ્ટ મંગળ છે. એ વાતની પુષ્ટિમાં દશવૈકાલિકસૂત્રના કર્તા આચાર્ય ભગવાન્ શ્રી શય્યંભવસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે धम्मो मंगल मुक्किट्ठं अहिंसा संजमो तवो અર્થાત્ ધર્મ એ સર્વ શ્રેષ્ઠ મંગળ છે. અને તે ધર્મ અહિંસા, સંયમ અને તપ સ્વરૂપ છે. અહિંસા અને સંયમના પાલનમાં પણ તપનોજ સુંદર ટેકો છે. ચીકણા કર્મનો નાશ કરવા માટે તપ એ એક રામબાણ ઇલાજ છે. તેજ ભવમાં જેમનો મોક્ષ નિશ્ચિત થઇ ચૂકયો છે, એવા શ્રી પરમતારક તીર્થંકર દેવો પણ મોક્ષ જાય ત્યાં સુધી તપનો આદર કરે છે. પાંચ ઇંદ્રિયો રૂપ અશ્વોને વશ કરવા માટે તપ એ એક સુંદર લગામ છે. ચિત્તની સમાધિ અર્પી સમસ્ત કર્મોનો નાશ કરી આત્માના મૂળ ગુણોને પ્રગટ કરી નિર્વિઘ્નસ્થાને કોઇ પહોંચાડનાર હોય તો તે એક તપ છે.

અઢાર હજાર સાધુઓમાં શ્રી નેમનાથ ભગવાને શ્રી ઢંઢણકુમારને પ્રથમ નંબર આપ્યો હોય તો તેમાં પણ તેમનું દુષ્કર તપજ કારણ છે. જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓને નંદીશ્વરદ્વિપ સુધી ઉડીને જવાની શક્તિ અર્પણ કરનાર કોઇ હોય તો તે પણ તપજ છે. સનત્કુમાર ચક્રવર્તીના શુકનાં સ્પર્શમાં પણ સડેલી આંગળીને સુવર્ણ સમ બનાવવાની તાકાત પ્રાપ્ત કરાવી હોય તો તે તપે જ કરાવી છે. દૃઢપ્રહારી અને અર્જુન માળી જેવા ઘોરહિંસક આત્માઓનો ઉદ્ધાર કરનાર કોઇ હોય તો તે તપ જ છે. ખૂદ મહાવીર પરમાત્માએ ધન્ના અણગારને ઉત્કૃષ્ટો અણગાર ગણ્યો હોય તો તેમાં પણ તપ જ નિમિત્ત છે. ચરમ તીર્થંકરના વજીર શ્રીમાન્ ગૌતમસ્વામીએ ખીરના પાતરામાં અંગુઠો રાખી પંદરસો તાપસને પારણું કરાવવાની

અપૂર્વ લબ્ધિ પ્રાપ્ત કરી હોય તો તે તપના પ્રભાવે જ. તપના જેટલા યશોગાન ગાઈએ તેટલા ઓછા છે. જૈનશાસ્ત્રકારોએ અનેક પ્રકારના તપો ફરમાવ્યા છે. તેમાં શ્રી વર્ધમાનત અને શ્રી સિદ્ધચક્રમહારાજની નવપદની ઓળીની આરાધ અગ્રસ્થાને ગણાય છે. આ બન્ને તપોનો પ્રચાર આજે અને શહેરમાં અને ગામડાઓમાં થઈ રહ્યો છે. જે તપ ભાવપૂર્વકના આરાધનાથી શ્રીચંદકેવળી અને શ્રી શ્રીપા મહારાજા માનવભવની સાચી સફળતા સાધવા ભાગ્યશા બન્યા છે.

અનાદિકાળથી આત્મા સાથે લાગેલા કર્મ કચરાને સ કરનાર અને સર્વ દુઃખોનો અંત કરનારા એ તપોની સું આરાધના કરો, કરાવો અને કરનારની અનુમોદના કરો. છે તમારા વૈભવવિલાસોના ભોગવટા માટે બારમહીને થતા અ બક ખર્ચામાંથી થોડું ઘણું બચાવી તે તપોની જ્યાં આરાધ કરાવવામાં આવતી હોય તેવી સંસ્થાઓમાં, અઢારપાપસ્થા કોને સેવીને ઉપાર્જન કરેલી લક્ષ્મીનું દાન કરવા તમારો ઉ હાથ લંબાવો.



૯. જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષઃ

સમુદ્ર, સરોવર કે નદીને તરી જવા માટે જેમ બે ભુજાઓની આવશ્યકતા રહે છે, તેમ સંસાર સમુદ્રને તરવા માટે જ્ઞાન અને ક્રિયાની પણ આવશ્યકતા છે. એ બન્ને વસ્તુઓનો સુમેળ જ મોક્ષ નગરીનો મેળ કરી આપે છે.

એક-બીજાથી નિરપેક્ષ રહેલા જ્ઞાન અને ક્રિયા ધાર્યું કામ આપી શકતા નથી માટે જ જૈન શાસ્ત્રકારોએ જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષઃ એ અટળ અને ત્રિકાળ અબાધિત સિદ્ધાન્તને મોક્ષપ્રાપ્તિના ઉપાય તરીકે વર્ણવ્યો છે. હા ! કર્મવશાત્ પ્રમાદને આધીન બનેલા આત્માઓ સમ્યગ્જ્ઞાનને ન ભણી શકે અગર તો વીતરાગ પ્રરૂપીત ક્રિયાકાંડોને આચરી ન શકે એ તો બનવા જોગ છે. પરન્તુ જેઓ માત્ર જ્ઞાનનયને જ વળગી ક્રિયાનયની, અને ક્રિયાનયને વળગી જ્ઞાનનયની અવગણના કરે છે, તેઓ તો એકાન્તે મિથ્યાદષ્ટિ બની, અજ્ઞાની જનતાને મિથ્યા માર્ગ ઉપર જ ઘસડી જવાનો બાલીશ પ્રયત્ન કરી રહ્યા છે. એમ કહીએ તો તેમાં કશુંજ ખોટું નથી. સામાન્ય બુદ્ધિથી પણ તેઓ જો વિચાર કરશે તો તેમને માલુમ પડશે કે જ્ઞાન તો આત્મામાં રહેલા કર્મ કચરાને બતાવનાર છે. જ્યારે ક્રિયા તે કર્મ કચરાને દૂર કરનાર છે. એટલે જ્ઞાનનું કાર્ય અલગ છે, અને ક્રિયાનું કાર્ય પણ અલગ છે. જેમ રસોઇ બનાવવાના જ્ઞાનવાળો જ્યાં સુધી રસોઇ પકાવવાની ક્રિયા નહિ કરે ત્યાં સુધી માત્ર જ્ઞાનથી તેની ક્ષુધા દૂર થતી નથી. માર્ગને જાણનાર જ્યાં સુધી ચાલવાની ક્રિયા કરે નહિ ત્યાં સુધી પોતાના ઇષ્ટસ્થાને પહોંચી શકતો નથી. તરવાના

જ્ઞાનવાળો પાણીમાં પડ્યા પછી હાથ પગ હલાવવાની ક્રિયા કરે નહિ તો તરે તો નહિ પણ ડૂબે તો જરૂર. દવાના જ્ઞાનને ધારણ કરનારા જ્યાં સુધી દવા ખાય નહિ ત્યાં સુધી રોગ મુક્ત થતા નથી. જંગલના દાવાનલમાં સપડાયેલો આંધળો અને લંગડો એ બે જ્યાં સુધી અરસપરસ ભેગા ન થાય ત્યાં સુધી બેમાંથી એકપણ તે દાવાનળમાંથી પોતાનો બચાવ કરવા સમર્થ થતા નથી. કારણ કે લંગડો દેખે છે પણ ચાલી શકતો નથી. આંધળો ચાલી શકે છે પણ દેખી શકતો નથી. પરન્તુ આંધળાના ખભા ઉપર લંગડો બેસી જાય, અને લંગડો જે રસ્તો બતાવે તે રસ્તે આંધળો ચાલ્યા કરે તો બન્નેજણ દાવાનલના દુઃખમાંથી મુક્ત બની શકે છે. જ્ઞાન લુલુ છે, અને ક્રિયા આંધળી છે. પણ જે જીવનમાં તે બન્ને એકત્ર રહે છે, તેજ જીવન સંસારરૂપ દાવાનલના દુઃખમાંથી બચી જાય છે. પરન્તુ જ્ઞાનને જ પસંદ કરનારો, જ્ઞાનની જ પુષ્ટિ કરી ક્રિયાનો તિરસ્કાર કરે અને ક્રિયાકાંડનો શોખીન ક્રિયાની પુષ્ટિ કરી જ્ઞાનનો તિરસ્કાર કરે છે, તેવા આત્માઓ આ સંસાર સમુદ્રમાં ભટક્યા જ કરે છે. અરે! જ્ઞાન તો કોઇ પાસે ઉછીનું પણ લેવાય છે અર્થાત્ જ્ઞાન તો બીજાનું પણ કામમાં આવે. પરન્તુ ક્રિયા તો પોતે જ કરવી પડે છે. કોઇ ગામમાં જવા માટે રસ્તાનું તો જ્ઞાન કોઈ પણ કરાવી શકે છે. પરન્તુ ત્યાં પહોંચવા માટે ચાલવાની ક્રિયા તો દરેકને પોતે જ કરવી પડે છે.

વળી ચારિત્રવિનાના જ્ઞાનીને તો શાસ્ત્રકારોએ નીચેના શ્લોકમાં ગર્દભની ઉપમાં આપી છે. કહ્યું છે કે-

जहा खरो चंदनभारवाही, भारस्स भागी नहु चंदनस्स ।
एवं खु नाणी चरणेण हीणो, नाणस्स भागी नहि सुग्गइए ॥

અર્થાત્—ચંદનના (સુખડ) ભારને વહન કરનારો ગર્દભ, ચંદનનો ભાગી નથી. પરન્તુ ભારનો જ ભાગી થાય છે. તે જ મુજબ ચારિત્ર વિનાનો જ્ઞાની માત્ર જ્ઞાનનો જ ભાગી થાય છે, પરન્તુ સદ્ગતિનો ભાગી થતો નથી.

ટુંકમાં આટલું જણાવવું જરૂરી છે કે ક્રિયાકાંડ કરવામાં પ્રમાદી અને એદી આત્માઓથી તે તે શુભ ક્રિયાઓનો અમલ ન થઈ શકતો હોય તો પોતાની જાતને દુર્ભાગી સમજી ચુપ બેસી રહેવામાં વધુ ડહાપણ છે. પરન્તુ અજ્ઞાન જનતાને વીત-રાગ–પ્રણીત ધર્મ અનુષ્ઠાનના આચરણથી ખસેડી દઈ સ્વયં દુર્ગતિમાં પડી અન્યને દુર્ગતિના ગહુરાખાડામાં પટકવાના પાપમાંથી મુક્ત બને એ જ હિતકર છે.



૧૦. વિધિ તરફ ખ્યાલ રાખો.

જેમ કોઇ માણસ પાંચસો સાતસો રૂપીયા ખર્ચીને વરો જમાડે. પરન્તુ માત્ર મીઠા મરચાની કસર કરી રસોઇને બગાડી નાખે છે. અને તેથી જ જમનારાઓ તરફથી સારી રકમનો વ્યય કરવા છતાં તે જશને પ્રાપ્ત કરી શકતો નથી. તે જ મુજબ ઘણા મનુષ્યો પ્રતિક્રમણ, સામાયક, પૂજા અને પૌષધ આદિ પવિત્ર ક્રિયાઓ ભાવપૂર્વક કરતાં હોવા છતાં, કાંતો અજ્ઞાનતાના કારણે, કાંતો પ્રમાદ વશ બની જરૂરી વિધિ વિધાન નહિ સાચવી શકવાથી તે શુભ અનુષ્ઠાનોનું સંપૂર્ણ ફળ તેઓ પ્રાપ્ત કરી શકતા નથી. જે નીચેની હકીકત ઉપરથી જાણી શકાશે.

નાના અગર મોટા ઘણા ભાઇઓ પ્રતિક્રમણમાં અગરતો પૌષધમાં માત્રુ (લઘુનીતિ) કરવા માટે માત્ર માથા ઉપર કટાસણું ઓઢીને ચાલ્યા જાય છે, જે તદ્દન અનુચીત ગણાય.

૧. બનતું નથી એમ નહિ બોલો પણ કરવું નથી એમ બોલો.

તપ, જપ, વ્રત, પચ્ચખ્ખાણુ, સામાયક, પ્રતિક્રમણ કે ૌષધ આદિ ધર્મ ક્રિયાઓનો અમલ કરવા માટે જ્યારે જ્યારે કતચિંતકો તરફથી તેમના સમાગમમાં આવનારાઓને કહે- ામાં આવે છે, ત્યારે ત્યારે મોટે ભાગે તેમના તરફથી એકજ વાબ મળે છે અને તે એ કે હમારાથી બનતું નથી. આ મનો તદ્દન પોકળ અને લુલો બચાવ છે. કારણ કે તેવું ાલનારાઓ ઉપરોક્ત ધર્મક્રિયાઓ કરતા પણ સંસારની નેકવિધ કષ્ટવાળી ક્રિયાઓ કયાં નથી કરતા ? શું ટાઇફોડ વરમાં દિવસોના દિવસો મગના પાણી ઉપર નથી રહેતા ? ા પછી તપ-જપ કરવામાં શો વાંધો આવે એમ છે? અમુક ીમારીના પ્રસંગે વૈદ્ય કહે તો તે પદાર્થો ખાવાના છોડી દે છે નહિ ? તો પછી ધર્મગુરૂઓના કહેવાથી કંદમૂળ આદિ ભક્ષ્ય પદાર્થોને તિલાંજલિ આપવામાં શી હરકત આવે એમ ? પૈસાના લોભને ખાતર દેવી દેવલાઓની સેવા તનમનથી ા છો તો પછી આત્માની મુક્તિને ખાતર વીતરાગ દેવની જા તો દૂર રહી પણ શું દર્શન પણ ન થાય ? નિંદા, ુલી અને ગપ્પાસપ્પા મારવાનો સમય મળે છે તો શું ૮ મીનીટનું એક સામાયક કરવાનો સમય નથી મળતો ? ચ પચ્ચીશનો પગાર આપનાર શેઠની આજ્ઞા અડધી રાતે ાવવા તૈયાર થાઓ છો તો શું દેવ અને ગુરૂઓની શકય ાજ્ઞાઓનું પાલન ન થાય ? સુપરટેક્સ, ઇન્કમટેક્સ અને ટરટેક્સ આદિ અનેક ટેકસોના પૈસા ખુશીથી ભરાય છે, તો ી ધર્મના ખાતાના લાગાઓ આપવામાં કેમ આનાકાની

થાય છે ? આથી એ સિદ્ધ થાય છે કે સંસારની અનેકવિધ ક્રિયાઓ કરો છો તેમ ધર્મની ક્રિયાઓ પણ કરવી હોય તો થઈ શકે છે. માટે જ કહેવું પડે છે કે બનતું નથી એમ નહિ બોલો, પણ કરવું નથી એમ બોલો.



૧૨. દ્વિદળ (વિદળ) નું સ્વરૂપ

દ્વિદળ એટલે જેની બે ફાડ થાય તેવા વાલ, વટાણ મગ, અડદ, તુવેર આદિ સઘળા કઠોળો ગણાય છે. જેમાં તેલ નીકળતું હોય, અને બે ફાડ થતી હોય તો તે કઠો કહેવાતું નથી. જેની બે ફાડ થાય એવા સઘળા કઠોળના શ સાથે અગર જે વસ્તુમાં કઠોળ આવતું હોય તે સઘળી વ સાથે કાચું દુધ, કાચું દહીં અને કાચી છાશ (કાચી એટ ગરમ કર્યા વિનાની) ખાય શકાય નહિ. જો બન્ને સા ખાવામાં આવે તો અસંખ્યાતા બે ઇંદ્રિયવાલા જીવો ઉત્પ થાય છે; અને તે જીવોની હિંસાનો ભાગીદાર તેવી વ ખાનારો થાય છે, માટે તે બન્ને ભેગા ન ખવાય તે માટે ખાસ ઉપયોગ રાખવો, અને જીભનો ચટાકો જરા ઓ કરવો. જેથી અસંખ્યાતા જીવોની હિંસાથી બચી જવાશે. ઘણી જગ્યાએ શીખંડ સાથે વાલની દાળનું શાક કરવામાં આવે છે. ખીચડી સાથે કાચું દુધ કાચી છાશ ખાવામાં આવે છે, જે તદ્દન અનુચિત કહેવાય. કાંતો અજ્ઞાનતાને લીધે, કાંતો જીહ્વાના સ્વાદથી, કાંતો માત્ર ઉપયોગની ખામીને લીધે નાહક હિંસાના ભાગીદાર થવું પડે છે, માટે કઠોળ સાથે અગર કઠોળવાળી વસ્તુઓ સાથે દહીં; દુધ અને છાશ ખાવાની ઇચ્છાવાલાએ તે ત્રણે વસ્તુ જ્યાં સુધી આંગળી દાઝે એવી ગરમ ન થાય ત્યાં

નીટ સુધીનું જીવન નિરારંભપણે વ્યતીત થાય છે. જેટલી
વત શ્રાવક સામાયિક કરે તેટલી વખત તે સાધુ જેવો ગણાય
છ જીવની દયાના કુટામાં ફસાયેલા જીવનને સામાયિકનું
સુંદર વ્રત "સાધુ જેવો" એ પદની ઉપમા સમર્પણ કરે છે.
એક સામાયિક કરનારને કેટલું પુણ્ય થાય છે. તેની નોંધ લેતાં
શાસ્ત્રકાર જણાવે છે કે—

दिवसे दिवसे लक्खं, देई सुवण्णस्स खंडियं एगो ।
एगो पुण सामाइयं, करेई न पहुप्पए तस्स ॥

અર્થ—એક માણસ રોજને રોજ એક લાખ ખાંડી સોનું
દાન આપે અને બીજો એક માણસ રોજ સામાયિક કરે તો પણ
દાન આપનારો સામાયિક કરનારની તોલે આવી શકતો નથી.
અર્થાત્ દાન આપનારના કરતા સામાયક કરનારો વધી જાય છે.

એજ વાતની પુષ્ટિ કરતા શ્રી ધર્મસિંહ મુનિશ્રી સામા-
યિકની સજ્ઝાયમાં ફરમાવે છે કે—

શ્રી વીર મુખે ઇમ ઉચ્ચરે, શ્રેણિકરાય પ્રત્યે જાણ લાલ રે,
લાખ ખાંડી સોના તણી, દીએ દાન દિન પ્રત્યે લાલ રે.
લાખ વરસ લગે તે વળી, એમ દીએ દ્રવ્ય અપાર લાલ રે;
એક સમાયકને તોલે, ન આવે તેહ લગાર લાલ રે.

વળી એક સામાયક કરનાર બાણું ક્રોડ ઓગણસાઠ લાખ
પચ્ચીશ હજાર નવસો પચ્ચીશ પલ્યોપમથી (એક પલ્યોપમ
એટલે અસંખ્યાતા વર્ષો) અધિક દેવતાનું આયુષ્ય બાંધે છે.
રાત્રિ અને દિવસના ચોસઠમાં ત્રીશ સામાયિક ગણાય છે.
એટલે પૌષધ કરનારને તેનાથી ત્રીશગણું પુન્ય અને આયુષ્ય
સમજી લેવું.

એક પૈસો આપ્યા વિના જે સામાયિક લાખ ખાંડી સોનું આપ્યા જેટલું પુણ્ય અર્પણ કરે છે, અને તપ, જપ જેવી કષ્ટવાળી ક્રિયા કર્યા વિના દેવતાના સુંદર આયુષ્યને બંધાવે છે. એવા સામાયિક અને પૌષધવ્રતને અક્કલવાળા મનુષ્યો કદી જતા નહિ કરે. ઘણા અજ્ઞાની મનુષ્યો ઉપરોક્ત વ્રતની કીંમત અને મહત્તા નહિ સમજતા હોઈ પોતાના અમૂલ્ય ટ્રાઈમને ખાવા-પીવામાં, ગપ્પા-સપ્પામાં નિંદા-કુથલીમાં અને રગડા-ઝઘડામાં રંગ-રાગમાં વેડફી નાંખે છે. તે સમય નિરર્થક જાય છે; એટલું જ નહિ પણ પાપનો બોજો શિરે વધારતો જાય છે. માટે સુજ્ઞ શ્રાવક-શ્રાવિકાઓએ નાહક તે સમયને પાપ કાર્યવાહીમાં ન ગુમાવતા સામાયિક કરવાદ્વારા સફળ કરવો જરૂરી છે.

સામાયિકમાં કરેમિભંતેનું પચ્ચખ્ખાણ કરાવવામાં આવે છે. તે પચ્ચખ્ખાણમાં જ્યાંસુધી હું સામાયકના નિયમમાં છું ત્યાં સુધી પાપના કાર્યો નહી કરૂં એમ પોતે કબુલ કરે છે. આ શરત કરીને બેઠા પછી જે માણસો સામાયિકમાં રાજકથા, ભોજનકથા આદિ વિકથાઓ કરે છે, અન્યની નિંદાનું સૂત્ર લઈ બેસે છે, મનમાં કોઇનું બુરૂં ચિંતવે છે, સામાયક લઇ આમ-તેમ રખડી જીવોની હિંસાનું ભાન રાખતો નથી તે માણસો ગુરૂ સાક્ષીએ અગર તો પોતાની આત્મસાખે કરેલ શરતથી ભ્રષ્ટ થાય છે. માટે તેમ નહિ કરતાં સમતાપૂર્વક વિધિવિધાનને સાચવી સામાયિક કરવા ભલામણ છે.

કેટલાક આત્માઓ દીર્ઘ દૃષ્ટિના અભાવે એમ પણ કહે છે હમો સામાયિક તો કરીએ છીએ; પરન્તુ સંસારના રંગ રાગમાં હમારૂં ચિત્ત તો ચોંટેલું જ રહે છે. વારંવાર મન તો

ણહાર ભમ્યા જ કરતું હોય તો તેવી સ્થિતિમાં કરેલા સામાયિકની કીંમત શી ? માટે એના કરતા તો ન કરવું સારૂં.

ઉપર મુજબ દલીલ કરનારાઓએ એ વિષે લાંબો વિચાર કર્યો નથી. અવિધિથી કરવા કરતા નહિ કરવું એ શ્રેષ્ઠ એને તો સર્વજ્ઞ ભગવાન શાસ્ત્ર વિરૂદ્ધ (ઉત્સૂત્ર વચન) વચન કહે છે. કહ્યું છે કે—

अविहिकया वरमकयं, उस्सूवयणं वयंति सव्वणु ।
पायच्छित्तं जम्हा, अकए गुरूयं कए लहुयं ॥

અર્થ—અવિધિએ કરવા કરતાં ન કરવું એ સારૂં એને સર્વજ્ઞ ભગવાન ઉત્સૂત્ર ભાષણ કહે છે, કારણ કે અવિધિથી જે કરે છે એને લઘુ પ્રાયશ્ચિત આવે છે. જ્યારે જે બીલકુલ કરતો જ નથી તેને મોટું પ્રાયશ્ચિત લાગે છે.

ઉપરના શ્લોકમાં અવિધિ થતી હોય એટલે કોઇ ધર્મ કાર્ય ન જ કરવું એવું ફરમાન નથી. પરન્તુ ક્રિયાને ચાલુ રાખી, અવિધિને દૂર કરવા પ્રયત્ન જરૂર કરવો.

વળી શરૂઆતમાં કોઈ પણ કાર્ય સીધું ઉતરતું જ નથી. પ્રથમ તો તે કાર્યમાં અનેક સ્ખલનાઓ માલુમ પડશે. પરન્તુ લાંબા સમય પછી તે કાર્ય પાછળ કરેલી પ્રેકટીસ, આપેલો સમયનો ભોગ અને અવિધિ દૂર કરવાની કાળજી, તે કાર્યને પરિપૂર્ણ બનાવશે. જો તમો અવિધિના ડરથી કાર્યને જ કરવાનું છોડી દેશો તો સંસારનું પણ એક કાર્ય થશે નહિ. છોકરો એકડો શીખવા જાય છે, ત્યારે શરૂઆતમાં ઘણા દિવસ તો લીસોટા કાઢી માત્ર સ્લેટ ઉપર કાતરાજ પાડે છે. જો તેને તેમ કરતા અટકાવશો તો તે છોકરો આગળ કદી ભણી શકશે

નહિ. છોકરી રોટલી વણતા શીખે છે, ત્યારે શરૂઆતમાં તો વાંકીચૂકીજ થાય છે. પણ જો તે કામ તે ચાલુ રાખે તો સીધી રોટલી વણવાની કુશળતા પ્રાપ્ત કરી શકે. પરન્તુ શરૂઆતની અવિધિથી ડરી જઈ રોટલી વણવાની ક્રિયાને છોડી દે તો તે વિષયમાં બીલકુલ મૂર્ખ જ રહે. તેજ મુજબ ધર્મની ક્રિયામાં પણ સમજવું. જેમ જેમ ધર્મની ક્રિયા કરતા જશો તેમ તેમ તમોને તેમાં પ્રેમ જામતો જશે. અને ધીમે ધીમે મન પણ સ્થિર બનતા વિલંબ નહિ થાય, માટે ચિત્ત ન ચોંટે તો પણ સામાયક આદિ ધર્મ ક્રિયા છોડી દેવી નહિ. છેવટ ૪૮ મીનીટ સુધી સામાયક કરનારો છ જીવની કાયની થતી હિંસાથી તો બચી જ જાય છે. માટે ગમે તેવા સંજોગોમાં પણ સામાયિક કરવાનું ચાલુ રાખશો તો છેવટ તમારૂં સામાયિક પુણીયા શ્રાવક જેવું બની જતા વાર નહિ લાગશે. માટે દિવસમાં ગમે ત્યાં ફુરસદ કાઢી ઓછામાં ઓછું એક સામાયિક અને પર્વતિથી પૌષધવ્રત કરવા ભાગ્યશાલી બનવા ભલામણ છે.



૧૫ ઉપધાનની આવશ્યકતા

વ્યવહારમાં પણ જેમ મંત્ર તન્ત્ર અગર જન્ત્રને સાધ માટે અમુક દિવસ, અમુક સ્થળ અને તેને અંગેના વિ વિધાનોની આવશ્યકતા રહે છે. જ્યારે તે મંત્રોને શાસ્ત્રોક્ત વિધિ મુજબ ક્રિયાકાંડ કરી સાધવામાં આવે છે ત્યાં તે ફળદાયી બને છે. તેજ મુજબ ગણધર મહારાજા રચિ ષડ્આવશ્યકમાં આવતા સૂત્રો પણ મંત્ર સ્વરૂપ છે. દુન્યવી મં સર્વ આદિના વિઘ્નને દૂર કરે છે. જ્યારે સૂત્રમાં ગુંથા અલૌકિક મંત્રાક્ષરો ભાવવિઘ્નને દૂર કરે છે. દ્રવ્યવિઘ્નને

કરનારા મંત્રો માટે પણ જ્યારે અમુક સાધનાની જરૂર રહે છે તો પછી આત્માસાથે લાગેલા અનાદિના મોહવિષને દૂર કરનાર આવશ્યક સૂત્રોની સાધના માટે પણ તપશ્ચર્યા આદિ વિધિ વિધાનની આવશ્યકતા ન હોય એમ બને જ કેમ ?

જેમ મુનિરાજોને આચારાંગ આદિ સૂત્રોનો અભ્યાસ કરવા માટેની લાયકાત-યોગ્યતા પ્રાપ્ત કરવા માટે યોગ વહનની ક્રિયા કરવી જરૂરી છે, તેમ શ્રાવક શ્રાવિકાઓને આવશ્યક ક્રિયામાં આવતા સૂત્રોની આરાધના કરવા માટે ઉપધાન તપ કરાવવામાં આવે છે. ઉપધાન તપની ક્રિયા કર્યા સિવાય નવકાર આદિ સૂત્રોનું ગણવું ભણવું વિધિસરનું કહેવાતું નથી. જો કે બધા શ્રાવક શ્રાવિકાઓ ઉપધાન તપ કરવા સમર્થ હોતા નથી અને તેથી તેઓ તે પવિત્ર સૂત્રોના પઠનથી અને પ્રતિક્રમણ આદિ ક્રિયાથી વંચિત ન રહી જાય એ હેતુથી ઉપધાન તપ કર્યા સિવાય પણ તેની ભણવા ગણવાની અવિધિને નભાવી લેવામાં આવે છે. પરન્તુ શક્તિસંપન્ન મનુષ્યોએ તો જીવનમાં આ તપને જરૂર કરવા અને કરાવવા પ્રયત્નશીલ બનવું જોઈએ. ઉપધાન તપ એ કાંઇ કપોલ કલ્પીત વસ્તુ નથી. પરન્તુ તે શાસ્ત્ર સિદ્ધ છે, જે મહાનિશિથસૂત્રના ત્રીજા અધ્યયનમાં જણાવેલ પાઠથી સાબીત થશે.

जे केइ अणुवहाणेणं सुपसत्थं नाणं अहीयंति अज्झावयंति वा अहीयंतेइवा अज्झावयंतेइवा समणुजाणंति तेणं महो पावकम्मे महती सुपसत्थ नाणस्सासायणं पकुव्वंति ॥

અર્થ—જે કોઇ અતિ પ્રશસ્ત જ્ઞાનને ઉપધાન તપ કર્યા વિના ભણે અથવા અન્યને ભણાવે તથા ભણનારની અને

અર્થ—દારૂ, માંસભક્ષણ, રાત્રિભોજન અને જમીનકંદ ભક્ષણથી નરકમાં જવાય છે અને તેને છોડી દેવાથી સ્વર્ગ પ્રાપ્ત થાય છે.

चातुर्मास्ये तु संप्राप्ते, रात्रिभोज्यं करोति यः।
तस्य शुद्धिर्न विद्येत, चान्द्रायणशतैरपि ॥ ८ ॥

અર્થ—ચાતુર્માસ આવે છતે જે રાત્રે ખાય છે તે સેંકડો ચાન્દ્રાયણ તપથી પણ શુદ્ધ થતી નથી.

માર્કણ્ડ પુરાણ—

अस्तं गते दिवानाथे, आपो रुधिर मुच्यते।
अन्नं मांसं समं प्रोक्तं, मार्कण्डेण महर्षिणा ॥ ९ ॥

અર્થ—સૂર્ય અસ્ત થયા પછી પાણી પીવું તે લોહી બરાબર છે અને અન્ન ખાવું તે માંસ બરોબર છે, માર્કણ્ડ ઋષિએ કહ્યું છે.

પદ્મ પુરાણ—

मृते स्वजनमात्रेपि सूतकं जायते किल।
अस्तं गते दिवानाथे, भोजनं क्रियते कथम् ॥ १० ॥
उदकमपि न पातव्यं, रात्रवत्र युधिष्ठिर ?।
तपस्विना विशेषेण, गृहिणा तु विवेकिना ॥ ११ ॥

કોઈ સ્વજન માત્ર મરી જાય છે તો સુતક આવે છે તો પછી સૂર્ય અસ્ત થયા પછી ભોજન કરાય જ કેમ ?

હે યુધિષ્ઠિર ? વિવેકી ગૃહસ્થીએ તથા તપસ્વીએ તો રાત્રે કરીને પાણી પીવું ન જોઈએ.



૧૮. તેને જ ધન્ય અને સૌભાગ્ય દિન સમજજો.

૧ રાગ અને દ્વેષ નામના બે મહાન શત્રુઓના વિજેતા શ્રી
જિનેશ્વર દેવને જ દેવ તરીકે માનવાની જે દિવસે આત્મા
કબુલાત આપે **તે જ દિવસને ધન્ય દિન સમજજો**

૨ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ પાંચ
મહાવ્રતોનું પાલન કરનારા અને રાત્રિ ભોજનના ત્યાગ
ગુરૂઓને જ જે દિવસ આત્મા ગુરૂ તરીકે સ્વીકારે તે
દિવસને ધન્ય દિન સમજજો.

૩ છોટા અગર મોટા, સદોષ, કે નિર્દોષ, સ્થાવર કે ત્ર
જીવ માત્રની દયા કરવાના ડીંડીમને વગાડનારા વીતર
કથીત ધર્મને જે દિવસે આત્મા ધર્મ તરીકે માનવ
પણ (પ્રતિજ્ઞા) લેશે તે જ દિવસને ધન્ય દિન સમજ

૪ ત્રણ જગતના નાથ, દેવાધિદેવ, શ્રી જિનેશ્વર દેવોના દર્શનથી નેત્ર અને પૂજનથી હસ્ત જે દિવસે પવિત્ર બને તે જ દિવસને ધન્ય દિન સમજજો.

૫ સાધુતાની સુંદર ઉપમાને સમર્પણ કરનાર તેમ જ સમતાનું સુંદર શિક્ષણ દેનાર એવું સામાયિક જે દિવસે થાય તે જ દિવસને ધન્ય દિન સમજજો.

૬ સ્વ ઉત્કર્ષ (બડાઈ) અને અન્યનો અપકર્ષ (હલકાઈ) બોલવાની અધમ પ્રવૃત્તિને જે દિવસે તિલાંજલિ આપશો તે જ દિવસને ધન્ય દિન સમજજો.

૭ સર્વ પાપ સ્થાનકોમાં અગ્રેસર મિથ્યાત્વ નામનું પાપ સ્થાનક જે દિવસે તમારી પાસેથી વિદાયગીરી માંગી લે તે જ દિવસને ધન્ય દિન સમજજો.

૮ મોહ માયાના કૂપમાં નખશીખ ડૂબેલા પ્રાણીને બહાર ખેંચી કાઢનાર શ્રી વીતરાગ પ્રભુની વાણી જે દિવસે કર્ણગોચર થાય તે જ દિવસને ધન્ય દિન સમજજો.

૯ સર્વ દાનોમાં શ્રેષ્ઠ એવું સુપાત્રદાન દેવાનો શુભ અવસર જે દિવસે પ્રાપ્ત થાય તે જ દિવસને ધન્ય દિન સમજજો.

૧૦ પાંચ ઇંદ્રિયોના વિષયોનો ગુલામ બનેલો આત્મા જે દિવસે તે ઇંદ્રિયોને પોતાની ગુલામડી (દાસી) બનાવે તે જ દિવસને ધન્ય દિન સમજજો.

૧૧ અનંતી સદીઓથી દુરાચારની ગંધાતી ગટરમાં સ્નાન કરી રહેલો આત્મા જે દિવસે સદાચારના નિર્મળ સ્રોતમાં સ્નાન કરતો થાય તે જ દિવસને ધન્ય દિન સમજજો.

૧૯ માનવ જન્મ એટલે:—

૧ માનવ જન્મ એટલે—મુક્તિપુરીમાં દાખલ થવા માટેનો મુખ્ય દરવાજો.

૨ માનવ જન્મ એટલે—જન્મ અને મરણનું સહીસલામત રીતે ઓપરેશન કરનારી એક દિવ્ય ડીસ્પેન્સરી. (Dispensary)

૩ માનવ જન્મ એટલે—ધર્મનો વ્યાપાર કરવા માટેનું એક ભવ્ય બંદર. (Port)

૪ માનવ જન્મ એટલે—જીવ આદિ અગાધ તત્ત્વજ્ઞાનનું સુંદર શિક્ષણ આપનાર એક મહાન્ કોલેજ. (College)

૫ માનવ જન્મ એટલે—મોહ રાજાએ કબજે કરેલી આત્માની અઢળક સંપત્તિને તેની સાથે કાયદેસર લડી લઈ તે સંપત્તિને પાછી વાળનાર એક બાહોશ બેરીસ્ટર. (Barrister)

૬ માનવ જન્મ એટલે—દીવ્ય વૈભવોના ભોક્તા દેવ દાનવોથી પણ પળે પળે ઈચ્છાતી એક અપૂર્વ વસ્તુ.

૭ માનવ જન્મ એટલે—અપાર સંસાર સમુદ્ર તરવા માટેની એક મહાન અને મજબુત સ્ટીમર. (Steamer)

૮ માનવ જન્મ એટલે—શાશ્વત (Permanent) શાન્તિ અર્પણ કરનાર એક ભવ્ય શાન્તિનીકેતન.

૯ માનવ જન્મ એટલે—આત્મામાં રહેલાં સાચા વિજ્ઞાનના અપૂર્વ ખજાનાને પ્રગટ કરી આપનાર સાચો સાયંટીસ્ટ.

૧૦ **માનવ જન્મ એટલે**—માત્ર એક જ સમયમાં અસંખ્ય યોજન દૂર રહેલી શીવપુરીમાં મૂકી દેનાર એક દિવ્ય એરોપ્લેન.

૧૧ **માનવ જન્મ એટલે**—અજ્ઞાનરૂપ ઘોર અંધકારમાં જ્ઞાનનો સુંદર પ્રકાશ ફેંકનાર સૌથી ઉંચા પાવરનો ગ્લોબ. (Globe)

૧૨ **માનવ જન્મ એટલે**—આધિ, વ્યાધી અને ઉપાધિરૂપ ત્રિવિધ અગ્નિને બુઝાવનાર એક જબ્બર પાણીનો ધોધ.

૧૩ **માનવ જન્મ એટલે**—ખુલ્લા મેદાનમાં મોહમલ્લને પછાડનાર એક મહાન્ યોદ્ધો.

૧૪ **માનવ જન્મ એટલે**—કથીરસમ બની ગયેલા આત્માને કુંદનસમ બનાવનાર એક મોટો કીમીયાગર.

૧૫ **માનવ જન્મ એટલે**—નાના કે મોટા જગતના સમસ્ત પ્રાણીઓની રક્ષા કરવાનું બીડું ઝડપવાની હામ ભીડવાનું અપૂર્વ ધામ.

૧૬ **માનવ જન્મ એટલે**—દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપ રત્નોને ભરવાનો સોનાનો સુંદર થાળ.

૧૭ **માનવ જન્મ એટલે**—જિનેંદ્રપૂજા, ગુરૂસેવા, જીવોની અનુકમ્પા, શુભ પાત્રમાં દાન, ગુણાનુરાગ અને આગમ શાસ્ત્રનું શ્રવણ એ જુદી જુદી જાતના છ ફળોને ઉત્પન્ન કરનાર એક વિચિત્ર પ્રકારનું વૃક્ષ.

૧૮ **માનવ જન્મ એટલે**—સઘળાયે મનોવાંછિતને અર્પણ કરનાર એક અપૂર્વ રત્નચિંતામણી.

૨૦. ગુણાનુરાગી બનો.

नागुणी गुणिनं वेत्ति, गुणी गुणीषु मत्सरी ।
गुणी च गुणरागी च, सरलो विरलो जनः ॥

ઉપરનો શ્લોક અત્યંત ગનનીય છે. તેમાં જણાવવામાં આવેલો ભાવાર્થ બીલકુલ સત્ય છે. એમાં વર્ણવેલી વસ્તુસ્થિતિનો આપણ સૌને આજે પ્રત્યક્ષ અનુભવ થઇ રહ્યો છે. એનો ભાવાર્થ નીચે મુજબ છે.

ગુણ વિનાના પુરૂષો ગુણી પુરૂષોને ઓળખતા નથી. ગુણી પુરૂષો ગુણીઓને વિષે મત્સરને (દ્વેષભાવ) ધારણ કરનાર હોય છે. પરન્તુ સ્વયં ગુણી હોવા છતાં અન્યના ગુણને ગ્રહણ કરનારા સરલ પુરૂષો તો વિરલા જ (કોઇક જ) હોય છે.

ઉપરના શ્લોકમાંથી તાત્પર્ય એ નીકળે છે કે કદાચ ગુણી પુરૂષ તો મળી રહેશે. પરન્તુ ગુણી અને ગુણનો રાગી પુરૂષનો તો આ જગતમાં દુકાળ પડ્યો છે એમ કહીએ તો પણ ચાલી શકે. ગુણાનું રાગ નામનો ગુણ એટલો બધો સુંદર છે કે જગતમાં ગુણી તો પૂજ્ય છે પરન્તુ ગુણના ઉપર રાગ ધરનારો પણ જગતમાં પૂજ્ય અને બહુમાન કરવા લાયક બની શકે છે. પરન્તુ અજ્ઞાની મનુષ્યોને તે ગુણની કશી જ કદર નથી. વળી ગુણી બનવામાં તો ઘણો જ સંયમ કેળવવો પડે છે. તેના પાછળ વર્ષો સુધી પ્રયત્ન પણ કરવો પડે છે, તેમ જ ઇહલોકના પૌદ્‌ગલીક સુખોનો પણ ભોગ આપવો પડે છે. જ્યારે કોઇના પણ ગુણો જોઇને રાજી થવું, તે ગુણોની અન્ય આગળ અનુમોદના (પ્રશંસા) કરવી તેમાં તો કાંઇ જ આપવાનું નથી કાંઇ પણ ગુમાવવાનું નથી. તેમ કોઈ પણ જાતનો પરિશ્રમ ઉઠાવવાનો

નથી. છતાં આશ્ચર્યની વાત છે કે ગુણાનુરાગી પુરૂષોની શોધ કરવા નીકળીએ તો આંગળીના વેઢા ઉપર ગણી શકાય તેટલા જ નીકળશે.

કર્મને વિવશ પડેલા પ્રાણીઓમાં માત્ર ગુણો જ હોય અને અવગુણો ન જ હોય એમ બનતું નથી, બન્યું નથી અને બનશે પણ નહિ. પ્રાણી માત્રમાં ગુણો અને અવગુણો બન્ને હયાતિ ધરાવે છે. સર્વગુણસંપન્ન તો વીતરાગ પરમાત્માઓ જ હોય છે. પરન્તુ દુધ અને પાણીના મિશ્રણમાંથી દુધ અને પાણીને જુદા પાડવા માટે હંસની જ ચાંચ સમર્થ બને છે, તેમ ગુણો અને અવગુણોના મિશ્રણમાંથી બન્નેને જુદા પાડી ગુણોને ગ્રહણ કરવા માટે પણ ગુણગ્રાહી દૃષ્ટિની જરૂર છે. જે દૃષ્ટિને ધરાવનારા પુરૂષોની સંખ્યા આ પૃથ્વીપટ ઉપર હંમેશને જ માટે અલ્પ પ્રમાણમાં હોય છે.

સુંદર ફૂળોને છોડી જેમ કાગડો માંસના ગંધાતા લોચા ઉપર જઇને બેસે છે તેમ હલકી કોટિના માનવીઓ, મનુષ્યોમાં રહેલા અનેક ગુણોને છોડી અવગુણો જ ગ્રહણ કરવાની કાક વૃત્તિને સેવે છે. જેમ ઘઉં અને કાંકરા બન્ને ભેળા જ રહે છે. પરન્તુ ડાહ્યા મનુષ્યો કાંકરાને ફેંકી દઇ ઘઉંને રાખે છે પણ ઘઉંને ફેંકી દઇ કાંકરાનો સંગ્રહ કરતા નથી. તે જ મુજબ સુજ્ઞ પુરૂષો ગુણ અને અવગુણોમાંથી અવગુણની ઉપેક્ષા કરી ગુણોને જ ગ્રહે છે.

પૂ૦ સમયસુંદરજી મહારાજ પોતાની સજ્ઝાયમાં ફરમાવે છે કે થોડે ઘણે અવગુણે સૌ કો ભર્યા રે, કોઇના નળીયા ચુવે કોઇના નેવ, નિંદા ન કરશો કોઇની પારકી રે. માટે જ ગુણીઓના ગુણ ગ્રહણ કરવાની શકિત ન હોય તો તેમના

વૈર-વિરોધની વૃદ્ધિ થાય છે. જ્યારે દોષો સાંભળનારને જેમના દોષો બોલાય છે તેના ઉપર કુબુદ્ધિ ઉત્પન્ન થાય છે અર્થાત્ તેના ઉપરનો પ્રેમ-ભાવ અગર વિશ્વાસ ઉડી જાય છે.

માટેજ પૂજ્ય સાધુ મહારાજ અગર સાધ્વીજી મહારાજ પાસે આવનારા ભાઈ-બ્હેનોને જો તેમનું અને ભેગું તમારૂં પણ કલ્યાણ કરવું હોય તો ધર્મના સ્વરૂપને, સંસારની અનિત્યતાને, અને આત્માની ઓળખાણને કરાવનારા, ધર્મોપદેશ જ સંભળાવવાની જરૂર છે. તેમ શ્રાવક શ્રાવિકાઓએ પણ તેમની પાસે ધર્મશ્રવણની જ માંગણી કરવી જોઈએ.

વળી સડેલા અને દૂર્ગંધ મારતા મરેલા કુતરામાંથી પણ કૃષ્ણ મહારાજાને તેની દાઢમની કળી જેવા દાંતની પંક્તિની પ્રશંસા કરવાનો સુંદર પ્રસંગ પ્રાપ્ત થયો, તો પછી જીવતા માનવીઓમાંથી મનુષ્યો ધારે તો શું ગુણોને ન પ્રાપ્ત કરી શકે? જરૂર કરી શકે. માત્ર ગુણગ્રાહી દૃષ્ટિ થવાની જરૂર છે.

પોતાના જીવનમાં માત્ર નવકારશી જેવું જઘન્ય પચ્ચખ્ખાણ, રાત્રિભોજનનો, કંદમૂળ આદિ અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ, પૂજા, સામાયક કે દેવદર્શન આદિ શ્રાવકોના સામાન્ય આચારોનું પણ દેવાળું હોવા છતાં, આજના વિષમ વાતાવરણમાં પણ અનેક પ્રકારની સંસારની સમસ્ત સગવડોને છોડી સંઘયણના પ્રમાણમાં સુંદર ચારિત્રને પાળી રહેલા મુનિવરોના સામાન્ય અવગુણોની ટીકા કરનારાઓની કુટેવ પણ ગુણગ્રાહી દૃષ્ટિનાં અભાવને જ આભારી છે. પક્ષપાતના ચશ્મા ઉતારી, નિષ્પક્ષપાતના ચશ્મા ચઢાવીને જોશો તો આજે પણ ઉચ્ચ કોટિના મહાત્માઓ મળી રહેશે.

આજે હેમચંદ્રસૂરિજી મહારાજ જેવા, હીરસૂરિજી મહા-

રાજ જેવા મહાત્માઓ ક્યાં નજરે પડે છે? એવી ડાહી ડાહી અને વાયડી વાતો કરનારાઓને પૂછવું જોઈએ કે આજે વસ્તુપાલ, તેજપાલ, જાવડશા, પેથડશા, જગડુશા, ઉદાયન મંત્રી અને કુમારપાલ જેવા ધર્મને માટે પ્રાણ પાથરનારા શ્રાવકો પણ ક્યાં નજરે પડે છે? જે જમાનો ઉપર જણાવેલા શ્રાવકો ઉત્પન્ન કરશે તે જમાનામાં તમે માંગો છો તેવા મહાત્માઓ પણ મલી રહેશે. માટે જરા ધીરજ ખમવાની જરૂર છે.

આજે પણ રેશનીંગના જમાનામાં સુંદર અનાજના અભાવે ગમે તેવા અનાજથી પણ પેટ તો ભરવું પડે છે. સુંદર અનાજના અભાવે જેવું તેવું પણ અનાજ નહિ ખાવાની હઠ પકડીયે, તો મરણને શરણ થવું પડે છે. તેજ મુજબ ઉત્કૃષ્ટ મહાત્માઓના અભાવે, સામાન્ય સામાન્ય નહિ જેવી સ્ખલનાઓને અને અવગુણોને આગળ કરી આજના ત્યાગી મુનિવરોનો સાથ છોડી દેનારાઓનું પણ અધ્યાત્મ જીવન નષ્ટ ભ્રષ્ટ થયા વિના રહેતું નથી.

પોતાના અઢારે વાંકા અંગોને નહિ દેખતા અન્યના એક વાંકા અંગની ઉંટની માફક ટીકા કરવામાં જ ટેવાયેલાઓએ અને દુધમાંથી પણ પોરા કાઢવાની મૂર્ખાઈને કરવાવાળાઓએ પોતાની એ કુટેવને તિલાંજલી આપવાની જરૂર છે.

તદુપરાંત જૈનશાસનની અપભ્રાજના (મલીનતા) થાય, જૈનશાસન પ્રત્યે અન્યને દુર્ભાવ પેદા થાય, ભદ્રિક આત્માઓને ધર્મથી ભ્રષ્ટ થવાનો વખત આવે એવું પણ લખાણ અગર ભાષણ કરતા દરેક ધર્મપ્રેમીએ ખાસ ઉપયોગ રાખવાની જરૂર છે. અંતે નીચે જણાવેલ શ્લોકનું મનન કરવા ભલામણ છે.

कार्यं न किं ते परदोषदृष्ट्या,
कार्यं न किं ते परचिन्तया च ।
वृथा कथं खिद्यसि बालबुद्धे ?
कुरु स्वकार्यं त्यज सर्वमन्यत् ॥

હે ચેતન ! પારકા દોષો જોવાથી તારે શું કામ છે ? હે ચેતન ! પારકી ચિન્તા કરવાથી પણ તારે શું કામ છે.

હે મંદબુદ્ધિ ! ફોકટ શા માટે ખેદ પામે છે ? સર્વ છોડી દઈ તું તારું સંભાળ.

---

૨૧. વિચારીને બોલો અને ત્યાગને તોલો.

અનંતી પુણ્યાઈના પ્રભાવે જ અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતા આત્માને માનવદેહની પ્રાપ્તિ થાય છે. તેનાથી પણ અધિક પુણ્યાઈ હોય તો જ વીતરાગ ધર્મથી વાસીત થયેલા કુળમાં જન્મ થાય છે. તેનાથી પણ અધિકાધિક પુણ્યાઈ હોય ત્યારે વીતરાગ પરમાત્માના ધર્મ ઉપર શ્રદ્ધા જાગે છે. તેથી પણ કંઈ ઘણી અધિક પુણ્યપ્રભા હોય ત્યારે જ વીતરાગ-પ્રણીત ધર્માનુષ્ઠાનો ઉપર પ્રેમ જાગે છે, અને તેથી પણ અધિક પુણ્યના ઉદયથી તે અનુષ્ઠાનોને અમલમાં મુકવાના સુંદર સંજોગો પ્રાપ્ત થાય છે. તેમજ તે અનુષ્ઠાનોની નિર્વિઘ્ન-પણે સમાપ્તિ થવામાં પણ પુણ્ય જ કારણ છે.

ઉપરોક્ત વસ્તુ સ્થિતિને સારી પેઠે સમજનારા ભાગ્ય-શાળીઓ આજે પણ વીતરાગ પરમાત્માની શક્ય આજ્ઞાઓને

શીરોધાર્ય કરે છે. અને સત્વ, ધીરજ અને શારીરીક બલ આદિની હીણતાને લીધે જે આજ્ઞાઓ નથી પાલન થઈ શકી તે માટે હૃદયમાં પશ્ચાતાપ રાખે છે.

શ્રી જૈન શાસનમાં શાંતિસ્નાત્ર આદિ મહોત્સવો, ઉજમણા, ઉપધાન, પ્રતિષ્ઠા મહોત્સવો, સાધર્મિક વાત્સલ્યો, છરી પાલતા તીર્થના સંઘો આદિ અનુષ્ઠાનો પવિત્ર, એકાન્તે હિતકર, ચંચળ લક્ષ્મીની સાચી સાર્થકતા કરાવનારા, અને અત્યંત દુર્લભ માનવામાં આવ્યા છે. એમાં સમજુ માણસોના બે મત હોય જ નહિ.

ઉપરોક્ત ધાર્મિક અનુષ્ઠાનોમાંથી પોતાની જીંદગીમાં ક્વચિત જ લાખો જૈનોમાંથી ગણ્યા ગાંઠ્યા જૈનોને જ એકાદ બે અનુષ્ઠાનો ઉજવવાની સોનેરી તક પ્રાપ્ત થાય છે. તેમ લાખો ગામોમાંથી ગણ્યા ગાંઠ્યા ગામોમાં જ આવા મહોત્સવો ઉજવાય છે. આવા કાર્યો કાંઈ છાશવારે ને છાશવારે થતા નથી.

આ રીતે ક્વચિત જ, અમુક જ ગામો અગર શહેરોમાં, થોડા ઘણા ભાગ્યશાલી આત્માઓને આવા દુર્લભ પ્રસંગોમાં પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરવાનું ભાગ્ય પ્રાપ્ત થાય છે. છતાં પણ કેટલાક અજ્ઞ, ધર્મવિમુખ, અને લાભાલાભના હિસાબને નહિ સમજનારા તથા પાશ્ચિમાત્ય વિદ્યાથી વિભૂષિત બનેલા કેટલાક માણસો લક્ષ્મીના સુંદર અને સર્વશ્રેષ્ઠ વ્યયને, લક્ષ્મીનો ધુમાડો થયો માની દુર્વ્યય તરીકે માને છે અને મનાવે છે. ખરેખર એ જૈન શાસનનું નહિ પણ બોલનારાનું જ દુર્ભાગ્ય ગણાય. જે જમીનમાં થોડું વાવવામાં આવે છતાં ઘણું ઉગી આવે તેમાં સૌ કોઈ વાવે એમાં આશ્ચર્ય પણ શું છે

છતાં ઉપર જણાવ્યા પ્રમાણે બોલવામાં તેમ લખવામાં ુખ્યતયા તો તે તે અનુષ્ઠાનો પ્રત્યેનો તેમનો અણગમો કારણ ો, પરન્તુ જે અનુષ્ઠાનો જેમને ગમે છે તેમાં વપરાતી લક્ષ્મી ાફળ થાય છે અને જે નથી ગમતા તેમાં વપરાતી લક્ષ્મી ંષ્ફળ જાય છે એમ બોલવું એ પણ ન્યાયયુક્ત નથી. એમ ાલનારા તો "આપકી તે લાપસી અને પરાઇ તે કુસકી" ે કહેવતને ચરિતાર્થ કરનારા છે.

હાં ? જો તે અનુષ્ઠાનો, કે કોઈપણ ધાર્મિક ક્રિયા શાસ્ત્ર નુસારે થતી હોય તો તે ક્રિયા કરનારાને જરૂર લાભદાયી ાય છે એ નિર્વિવાદ વાત છે. કદાચ તે તમારા ઇષ્ટ સ્થાને ોતાની લક્ષ્મીનો વ્યય ન કરે તેટલા માત્રથી જ તેનું અનુ- ાન નિરર્થક છે, અગર તો તેની લક્ષ્મી પાણીમાં જાય છે, ેમ કહેવું એ એક હડહડતું અસત્ય છે.

વળી જેને જે અનુષ્ઠાન ઉપર અથાગ પ્રેમ છે, તે અનુ- ાનમાં તે પોતાની લક્ષ્મીને વાપરવાનો જ છે. કોઇના રોકવાથી ો રોકાવાનો નથી. તેમજ તેને જે ધર્મક્રિયામાં અપૂર્વ પ્રેમ ે તેમાં લક્ષ્મીને વાપરતા જે ભાવો તેના હૃદયમાં ઉત્પન્ન થશે, ો જ ભાવો તેની ઇચ્છા વિરૂદ્ધ શાસ્ત્ર અનુસારી ક્રિયામાં પણ ાવવા અત્યંત મુશ્કેલ છે. માટેજ જેને જેને જે ધર્મક્રિયા- ોમાં પોતાની લક્ષ્મી વાપરવાની ઇચ્છા હોય તેને તેમ કરતા ોકવામાં લાભ નથી. જો તેમ કરતા તેને બળાત્કારથી પણ ોકવામાં આવશે તો તે પોતાની લક્ષ્મી તમો જ્યાં વપરાવવા ચ્છો છો ત્યાં તે કદી વાપરવાનો નથી. અને તેથી બન્ને જણને નુકશાન થવાનો પુરો સંભવ છે. તો પછી "પીધું નહિ ીવા દીધું નહિ પણ ઢોળી નાંખ્યું" એના જેવું થશે.

[illegible] વસ્તુઓ ઉપર [illegible] વિચાર [illegible]

અંતે આવા યોગ નિરોધ [illegible] વીતરાગ કથીત ધર્મ ક્રિયાને [illegible]

૨૨. દેવદ્રવ્યાદિની સમજ

શ્રી જૈન શાસનમાં પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરવા અગર તો લક્ષ્મીને વાવવા માટે સાત સુપાત્ર ક્ષેત્રો બતાવવ આવ્યા છે. તેના નામો અનુક્રમે ૧ ચૈત્ય, ૨ પ્રતિમા સમ્યગ્જ્ઞાન, ૪ સાધુ, ૫ સાધ્વી, ૬ શ્રાવક અને ૭ શ્રાવિકા તે સાત ક્ષેત્રોને આશ્રીને દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, ગુરૂદ્રવ્ય સાધારણદ્રવ્ય એવા ચાર વિભાગો પાડવામાં આવ્યા છે.

ચૈત્ય અને પ્રતિમાની ભક્તિ કરવાના એકજ ઉદ્દે ભક્તગણ તરફથી અર્પણ કરવામાં આવતા દ્રવ્યને દેવ કહેવાય છે. વીતરાગકથીત નવતત્વાદિ જ્ઞાનના પ્રચારના હેતુ આપવામાં આવેલા દ્રવ્યને જ્ઞાનદ્રવ્ય કહેવાય છે. પૂ૦ તથા સાધ્વીજીની આપત્તિ નિવારણ માટે આપવામાં અ દ્રવ્યને ગુરૂદ્રવ્ય કહેવામાં આવે છે. શ્રાવક તથા શ્ર આદિની ભક્તિ માટે અર્પણ કરવામાં આવતા દ્રવ્યને સા દ્રવ્ય કહેવાય છે.

એવી શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા છે. માટે જ સાચા જૈનો તેનો મનગમતો ઉપયોગ કરતાજ નથી. કારણ કે ભક્તિના ઉદ્દેશથી જ અપાયેલા દ્રવ્યનો ઉપયોગ ભક્તિમાં જ થશે એવો વિશ્વાસ દરેક ભકતને હોય છે. પરંતુ જ્યારે તે દ્રવ્યનો ઉદ્દેશથી વિરૂદ્ધ ઉપયોગ થાય તો આપનારાઓનો વિશ્વાસઘાત થાય છે. વિશ્વાસઘાત એ પણ મોટું પાપ છે.

થોડા સમય પહેલાંજ કોઈ એક ભાઇએ શ્રીયુત્ ગાંધીજીને કસ્તુરબા ફંડમાંથી કોઈ અન્ય આવશ્યક કાર્યમાં દ્રવ્યનો ઉપયોગ કરવા માટે પૂછાવતાં તેમણે તે ફંડના ઉદ્દેશથી વિરૂદ્ધ જઇને કોઈ અન્ય સ્થળે તે રકમ વાપરી શકાય નહિ એવા ભાવાર્થવાળો જવાબ આપ્યો હતો. જ્યારે લૌકીક દ્રવ્યનો ઉપયોગ પણ તેના મુકરર કરેલા ઉદ્દેશથી વિરૂદ્ધ રીતે ન કરવા માટે કેટલી કાળજી રખાય છે, તો પછી લોકોત્તર દેવદ્રવ્યનો ઉપયોગ પણ તેના ઉદ્દેશથી વિરૂદ્ધ કેમ જ થઇ શકે? વિચારણીય પ્રશ્ન છે. માટે દહેરાસરમાં અગર દહેરાસર બહાર ગમે ત્યાં હોય, પણ પ્રભુભક્તિ નિમિત્તે બોલાતી બો... દેવદ્રવ્ય જ કહેવાય છે. અને તેનો ઉપયોગ પ્રભુભક્તિના ક... સિવાય કોઇ પણ સંજોગોમાં અન્ય સ્થળે થાય જ નહિ.

કેટલાક અજ્ઞ અને નામધારી જૈનો એ દ્રવ્યનો દુ... વ્યવહારિક કાર્યોમાં ઉપયોગ કરવાની આજની સર... સલાહ આપી રહ્યા છે. માટે જ તે શાણી અને સ... સરકારને પણ હમારી એજ સલાહ છે કે તેમાં અ... અન્ય ધાર્મિક કાર્યોમાં ડખલગીરી-(હસ્તક્ષેપ) ન કરતા તેમ... ધાર્મિક પ્રણાલીકા મુજબ તેમને વર્તવા દઇ તેમની ધા... લાગણીને જરા પણ દુભાવે નહિ. અન્યથા ? સત્તા

કોના જોરે જે ધારે તે કરી શકે છે પરન્તુ ધર્મથી તેમ આથી વિરૂદ્ધ ગયું તે કાર્ય એક ગુન્હા તરીકે ગણાશે, એ પણ ભૂલવા જેવું તો નથી જ. વળી તેમ થતા જૈન સમાજ. શાન્તિ માટે વગાવી રહેલા પોતાના દાન પ્રવાહને જો બંધ કરશે તો ઉભયને નુકશાન જ છે

જૈન સમાજે પણ ખુબ ખ્યાલ રાખવાનો છે કે જે જે બોલીઓ તે બોલે તેના પૈસા તુરત જ ભરપાઈ કરી દેવા જોઈએ. કારણ કે કેટલાક તો લાખ નો કે બે લાખ એમ ઉપાશ્રયોની માફક બોલવાનું જ સમજ્યા હોય છે. જ્યારે આપવાને નામે આરતિ હોય છે. ઉઘરાણી કરતા મુનિમજીના જોડા પણ ફાટી જાય, પરન્તુ નાણાની કોથળીનું મોં કદી ખુલ્લું થાય નહિ. એવા પણ જૈન સમાજમાં માલુમ પડ્યા છે કે ધર્માદાની પોતે જ બોલેલ રકમને કોઈ માગવા જાય તો "શું આપણે મરી તો જવાના નથી ને ? દુકાને પાસે લઈને આવો પછી આપીશું. એવો ઉડાવ જવાબ પણ આપે છે. જે કુલીન ન કહેવાય. એ દરમ્યાન આર્થિક સંજોગોમાં પડતા ખાતા તે રકમ ભરી શકતા નથી. અને દેવદ્રવ્યના ભોગવટાથી સાગર-શેઠ આદિની માફક દીર્ઘકાળ સુધી નીચ યોનિમાં પરિભ્રમણ કરવું પડે છે.

દેવદ્રવ્યના રક્ષણથી અને તેના ભક્ષણથી કેટલો ફાયદો અને શું નુકશાન થાય છે. તે નીચે જણાવેલ શ્લોકોથી માલૂમ પડશે.

जिण पवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।
रक्खंतो जिणदव्वं, परित्त संसारिओ होइ ॥

અર્થઃ—જિન પ્રવચનની વૃદ્ધિ કરનારો, જ્ઞાન, દર્શન આદિ

ગુણોનો પ્રભાવક, અને દેવદ્રવ્યનું રક્ષણ કરનારો અલ્પ સંસારી થાય છે.

जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।
भक्खंतो जिणदव्वं, अणंत संसारीओ होइ ॥

અર્થ:-જિનેશ્વર દેવના પ્રવચનની વૃદ્ધિ કરનારો, અને જ્ઞાન-દર્શન આદિ ગુણોની પ્રભાવના કરનારો હોવા છતાં જો દેવદ્રવ્યનું ભક્ષણ કરતો હોય તો તે અનંત સંસારી થાય છે.

दारिद्दकुलुप्पत्तिं, दरिद्दभावं, य कुट्ठरोगाइ ।
बहुजनधिक्कारं, तह अवण्णवायं च दोहग्गं ॥
तण्हा छुहाभिभुइ घायणवाहणविचुन्नणचिय ।
एआइं असुहफलाइं, विसीअइ भुंजमाणो सो ॥

અર્થ:-દેવદ્રવ્ય ખાનારાને દરિદ્ર કુલમાં ઉત્પત્તિ, દારિદ્રપણું, કોઢ વિગેરે રોગો, ઘણા લોકોનો ધિક્કાર, અવર્ણવાદ, દુર્ભાગ્ય, તૃષા અને ભૂખનું દુઃખ, ઘાત, ભારનું વહન કરવું. અને કુટ્ટન વિગેરે દુઃખોની પ્રાપ્તિ થાય છે.

ઉપરની હકીકત ધ્યાનમાં લઇને સૌ કોઇએ દેવદ્રવ્યના ભક્ષણને છોડી દેવામાં અને પોતાના ધન કરતા પણ દેવદ્રવ્યની રક્ષા કરવામાં વધુ કટિબધ્ધ રહેવાની જરૂર છે. તેમજ મુનિ મહારાજે પણ તે માટે ઉપેક્ષા ન કરતા સાચો રાહ બતાવવો જોઇએ મુનિરાજ પણ છતી શકિતએ ઉપદેશ દઇ દેવદ્રવ્યનું રક્ષણ ન કરે તો તેઓ પણ સંસારનું પરિભ્રમણ વધારે છે.

શ્રાવકોએ દેવદ્રવ્યને વ્યાજે રાખવું નહિ તેમ તેના કાર્યકર્તાઓએ શ્રાવકોને કદી વ્યાજે આપવું નહિ, કારણ કે તે

મહારાજ અને સાગર માર્ગે ચાલનારા ચારિત્રશીલ મુનિ-
વરોને ભાવપૂર્વક નમસ્કાર કર.

૯. હે ચેતન ! શ્રી અરિહંતનું શરણ, શ્રી સિદ્ધનું શરણ, સાધુનું શરણ અને કેવળી ભાષિત ધર્મનું શરણ, એ ચાર શરણા સ્વીકારી ચાર ગતિનો ચૂરો કરી જન્મમરણનો અં કરી દે.

૧૦. હે ચેતન ! જીવનમાં કરેલા પાપોનો હૃદયથી પશ્ચાત્તા કરી, શુભ કાર્યોની ખૂબ અનુમોદના કરી, બાહ્ય ઉપા ઓને ત્યાગી, યથાશક્તિ અનશન કરી છેલ્લા શ્વાસમાં તા દેહને જો તું છોડી દેશે તો નક્કી સમજજે કે જન્મ મર પણ તારા આત્માનો પીછો છોડી દેતા વિલંબ નહિ !

૧૧. હે ચેતન ! આર્યક્ષેત્ર, ઉત્તમકુલ, પાંચ ઇન્દ્રિયોની પ અને વીતરાગ પરમાત્માના ધર્મયુક્ત માનવદેહ મ અત્યંત દુર્લભ છે, માટે સમચિત્ત બની ધીરજ સહનશીલતા કેળવી સમાધિ મરણને અંતે સાધી જેથી આત્મા શાશ્વત શાંતિ પ્રાપ્ત કરી શકે.

૧૨. હે ચેતન ! પિતા મરીને પુત્ર થાય છે. પુત્ર પિતા બ માતા મરીને સ્ત્રી થાય છે. સ્ત્રી મરીને માતા થાય છે મરીને નોકર બનેછે. નોકર મરીને શેઠ બને છે. આ અનંત સંસારમાં પરિભ્રમણ કરતા આ જીવે દરેક જી સાથે અનંતા સંબંધો ધારણ કર્યા છે. તો હવે કયા સ માટે રડવું અને કયા સંબંધ માટે ન રડવું. એજ ગહન પ્રશ્ન છે. માટે હે ચેતન ! ઇષ્ટના વિયોગમાં અનિષ્ટ વસ્તુના સંયોગમાં સમચિત્ત બનતા શીખ.

[illegible]

[illegible]

કારણ કે [illegible] ગુન્હેગાર ગણવાની [illegible] કરશે. [illegible] તેને નુકશાનમાં શી રીતે [illegible] કેમ [illegible] માટે રાગ અને [illegible] બીજા તરફ [illegible] અને વેર વિરોધમાં [illegible] કરી, અનેક વિધ ચીકણાં કર્મો બાંધી [illegible] દુર્ગતિના ગહ્વરા ખાડામાં પણ પડી રહે છે.

ઉપરોક્ત અનેકવિધ દુઃખોમાંથી બચી જવું હોય તો નિમિત્તને ગુન્હેગાર ગણવાની શ્વાન (કુતરા) વૃત્તિને છોડી દઈ પોતાના કર્મોને જ જવાબદાર ગણવાની સિંહ વૃત્તિને ધારણ કરવાની જરૂર છે.

કારણ કે નિમિત્તને જવાબદાર ગણનારને તો નીચેના શ્લોકમાં કુતરાની ઉપમા આપવામાં આવી છે.

उपेक्ष्य लोष्टक्षेप्तारं, लोष्टं दशति मंडलः ।
सिंहस्तु शरमप्रेक्ष्य, शरक्षेप्तारमीक्षते ॥

અર્થ–કુતરો પત્થર મારનારાની ઉપેક્ષા કરી પત્થરને બચકું ભરે છે જ્યારે સિંહ બાણને જતું કરી બાણ મારનારાને જ જુએ છે.

[illegible] જ રીતે અજ્ઞાન મનુષ્યો પણ કુતરાની પેઠે દુઃ

જૈન શાસનને નહિ પામેલાઓની પણ આ વિષયમાં કેટલી સુંદર માન્યતા છે તો પછી વીતરાગ પ્રભુના અનુયાયીઓએ તો પોતાની ભૂલ માટે બીજાને જવાબદાર ગણવાની બીલકુલ જુઠી માન્યતાને તિલાંજલિ આપવાની જરૂર છે.

જો દુઃખ નહિ પસંદ પડતું હોય તો જીવનમાંથી પાપ લીલાને દેશવટો દેવાની અને સુખ જોઈતું હોય તો જીવનમાં પુણ્યના કામોને નોતરવાની પુરેપુરી કાળજી રાખવાની ભલામણ છે.

---

૨૬. સદાચારની શ્રેષ્ટતા

Good Character is the best property.

(સદાચાર એ સૌથી શ્રેષ્ટ મીલ્કત છે.)

સદાચાર અને દુરાચાર એ બન્ને વિરોધી શબ્દો છે. સદાચાર એ શબ્દ સાંભળવામાં જેટલો મધુર લાગે છે. તેટલો જ દુરાચાર કાનને અત્યંત કડુક લાગે છે.

સદાચાર એ સોનું છે. જ્યારે દુરાચાર એ કથીર છે. સદાચાર એટલે સ્વર્ગની ચાવી, અને દુરાચાર એટલે દુર્ગતિનું દ્વાર. સદાચાર એટલે સુખનો ખજાનો અને દુરાચાર એટલે દુઃખનો દાટ. સદાચાર એટલે દૈવીજીવન અને દુરાચાર એટલે પશુજીવન. સદાચાર એટલે સાચી શ્રીમંતાઈ અને દુરાચાર એટલે નરી દરિદ્રતા. સદાચાર એ જ મોટું ભૂષણ અને દુરાચાર એ જ મોટું દૂષણ. સદાચાર એ જ સાચી વિદ્વત્તા અને દુરાચાર એ જ મોટી અજ્ઞાનતા.

સદાચારના કેટલા ગુણગાન કરવા ? સદાચાર એ તો જીવનનો સાચો શણગાર છે. જ્યારે દૂરાચાર એ તો આત્માના ગુણોને અને સુખને ભસ્મીભૂત કરનાર ધગધગતો અંગાર છે. સંસારરૂપ મહાન્ ભયંકર અટવીનું ઉલ્લંઘન કરવા માટે સદાચાર એ સાચો અને વિશ્વાસુ વળાવો છે. અનંત કાળથી સંસાર સમુદ્રમાં ઝોલા ખાતી આપણી જીવન નૈયાને કીનારે બતાવનારી સદાચાર એક મજબુત સ્ટીમર છે. જન્મ અને મરણના કારમા રોગોને દૂર કરવા માટે સદાચાર એ રામબાણ ઔષધ છે. સદાચારના શણગારને પહેરનારાઓને અન્ય શણગારની જરૂરીયાત રહેતી નથી, જે આત્માઓ મોક્ષના અને સ્વર્ગના સંગી બન્યા છે, બને છે, અને બનશે તેમાં માત્ર સદાચારની જ સુંદર સહાય છે. માટે જ શરીર અને ધનના ભોગે પણ સદાચારના પાલન માટે સજ્જનો બનતો પ્રયત્ન કરે છે. જીવનમાંથી સદાચાર ગયો તો ધનમાલની કશીજ કીંમત નથી. એ જ વાતને પુષ્ટ કરનાર એક પાશ્ચિમાત્ય વિદ્વાન્ કહે છે કેઃ—

When money is lost nothing is lost.
When health is lost, something is lost.
When credit is lost, everything is lost.

અર્થઃ—જ્યારે ધન ગુમાવો ત્યારે સમજજો કે કાંઇ ગુમાવ્યું નથી. તબીયત બગડે ત્યારે માનજો કે કાંઇક ગુમાવ્યું છે. પણ સદાચારના પાલનથી સચવાતી ક્રેડીટ (આબરૂ) ગુમાવી ત્યારે સમજી લેજો કે સર્વ ગુમાવી બેઠા છો.

સદાચારની શ્રેષ્ટતાને સમજી કયો એવો હીણભાગી હોય કે સદાચારના પુષ્પોથી સુવાસિત બનેલા જીવનને નહિ પસંદ

કરે ? અને દૂરાચારની દૂર્ગંધીવાળા સડેલા જીવનને તિલાંજલિ નહિ આપે ?

જોકે એવા અનેકવિધ સિદ્ધાન્તો છે કે જેમાં સર્વ ધર્મ-વાળાઓને પરસ્પર કાંઈ ને કાંઈ મતભેદ તો છે જ. પરન્તુ અહિંસા, સત્ય-અચૌર્ય બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ આ પાંચ વ્રતોના પાલનથી ઉત્પન્ન થતા સદાચાર માટે કોઈ પણ આસ્તિક દર્શનનો વિરોધ છે જ નહિ.

વળી સદાચારનું પાલન તો આસ્તિક અગર નાસ્તિક સૌ કોઈ માટે એકાંતે હિત કરનારૂં જ છે. એક સુખી એક દુઃખી, એક રાજા અન્ય રંક, એક રોગી અન્ય નીરોગી આદિ જીવોની રાગી આંખે જોવામાં આવતી ભિન્ન ભિન્ન અવસ્થાઓ પણ કર્મ સત્તાને જ આભારી છે. એ જ ભિન્નતા પરલોકને સાબીત કરી આપે છે. તો પણ પરલોક છે કે નહિ ? એવી શંકાવાળાએ પણ અશુભ કાર્યોને છોડી દઈ સદાચારને જીવનમાં અપનાવવાની જરૂર છે. કારણ કે પરલોક કદાચ ન નીકળ્યો તો સદાચારી જીવનવાળાને તો કશું જ ગુમાવવાનું રહેતું નથી. પણ પરલોક જો નીકળ્યો તો નાસ્તિક શીરોમણીના જ બાર વાગવાના છે.

માટે આત્મ ગુણના એક જ સાધન તરીકે ગણાતા સદાચારનું શરણ સ્વીકારો. અને જન્મ મરણની અનાદિ કાળથી [illegible] નીકાલો.

કરો છો કે નહિ? આવા અનેક પ્રશ્નો સદ્ગુરૂઓ, તેમન
સમાગમમાં આવનારા ભક્તગણને પૂછે છે. ત્યારે તેઓમાંન
કેટલાક તરફથી એ પ્રશ્નના ઉત્તરમાં સાહેબ? ફુરસદ મળ
નથી. ફુરસદ હોય તો કરીએ છીએ. આપના આગળ કાંઈ જુ
બોલવાની જરૂર નથી, કરવું નહિ અને નકામું જુઠું બોલ
આદિ ડાહી ડાહી વાતો જણાવી ગુરૂમહારાજને સમજાવીદે દે
જ્યારે કેટલાકો તો ઉત્તરમાં જણાવી દે છે કે સાહેબ? હમા
ઉદયમાં (નશીબમાં) હોય તો હમે કરીએ ને?

બન્ને પ્રકારના ઉત્તર આપનારોની સાચું પૂછાવીએ ત
ધર્મપ્રત્યેની અવગણના કદાચ ન હોય પરંતુ બેદરકારી ત
ખરીજ. એક વર્ગ પતિતોને પણ પાવન કરનારી ધર્મ જે
અમૂલ્ય વસ્તુને ફુરસદ વખતે કરી લેવા લાયક સામાન
ચીજ સમજે છે જ્યારે બીજો વર્ગ ઉદયમાં નથી એમ કહ
બીલ્કુલ છટકી જવાનો પ્રયત્ન કરે છે. ઉદયમાં નથી એમ બોલ
નારાઓનો તો બીલ્કુલ લુલો બચાવ છે. એમ બોલનારાઓ
પૂછી શકાય છે કે ઉદયમાં નથી કે તમારો તે પ્રત્યેનો બીલ્કુ
ઉદ્યમ નથી?

પૈસા કમાવા માટે, ખાવા પીવા માટે, ભણવા માટે, આ
રાત અને દિવસની કરવા જેવી સઘળી ક્રિયાઓ માટે કાં
ઉદ્યમ કરવો પડે છે કે તે ક્રિયાઓને પણ ઉદય પર છોડ
છો? ધન કમાવાની વાત આવે ત્યારે તો ઉદયમાં હશે તે
ધન આવી મળશે એમ નથી કહેતા પરંતુ ઉદ્યમ તો કરવે
જ જોઇએ, ઉદયમાં હશે તો મળશે એમ બોલીને થોડું ન
બેસી રહેવાય છે? અને એમ બોલવાથી ધન થોડું ઉડી
તીજોરીમાં પેસવાનું છે? આવી ડાહી ડાહી વાતો થાય છે, જ્યાર

...તો નથી કે ઉદ્યમ નથી ?

...ર્મ જેવી કોઇ વસ્તુને ઉદય ઉપર રાખી ધર્મ કરવા માટે ...લા તલ્લા કરાય છે. માટે આને ધર્મ પ્રત્યેની બેદરકારી ...હિ તો બીજું શું કહી શકાય ? વ્યવહારીક ક્રિયાની માફક ...ર્મિક ક્રિયાઓ માટે પણ ઉદ્યમ એ અતિ આવશ્યક ચીજ છે. ઉદ્યમ કરવા છતાં તમો કાંઇ પણ કરવા સમર્થ ન બનો તો ...દયમાં ન હતું એ વાત નક્કી થશે. પરંતુ તમારે કાંઇ કરવું જ નથી અને નશીબનો દોષ કાઢવો છે, એ તો બીલકુલ ઉચીત ...ય નહિ.

દૃષ્ટાંત તરીકે તમો દહેરાસર દર્શન કરવા જવા તૈયાર થયા અને પગ સ્થંભી જાય અગર કોઈ અસહ્ય વેદના ઉત્પન્ન થાય, નવકારવાલી ગણવા માટે હાથમાં લો અને મણકા ઉડી ઉડીને ચાલ્યા જાય, સામાયક કરવા માટે કટાસણું પાથરવાની તૈયારી કરો કે કટાસણું તમારા હાથમાંથી ઉડીને આકાશમાં ચાલ્યું જાય, તો તો જરૂર કહેવું પડશે કે એ ક્રિયાઓ તમારા ઉદયમાં ...હી. પરન્તુ ઉદ્યમ કરવાના વાંકે ઉદયના ઓઠાને આગળ ધર્યા કરશો તો માની લેજો કે કોઇ પણ જાતનો ઉદય તમારી જીંદગીમાં થવાનો નથી.

ફુરસદે ધર્મ કરી લેવાની વાત કરનારાઓએ પણ સમજી લેવું ઘટે છે કે ફુરસદ મળતી નથી કે ફુરસદ તમારે કાઢવી ...ી ? ફુરસદ તમો કાઢશો તો જ નીકળશે નહિ તો " દરજીનો ...કરો જીવે ત્યાં સુધી શીવે " એ કહેવત અનુસાર તમારો સંસારી રેંટીયો કુવો તમોને જરા પણ નવરા પડવા દે એમ નથી.

હા ! પથારી વશ થતા અગરતો ઠાઠડી વશ થતાં જરૂ... ફુરસદ મળશે પણ તે સમયે તમો કોઇ પ્રણ ધાર્મિ...

ક્રિયા કરી શકવાના નથી. અલબત સંસારી આત્માઓને ઉપાધિ-ઓના પાર હોતો નથી.

કોઇ વખત પ્રતિકુળ તો કોઈ વખત અનુકુળ સંજોગો ઉભા થયા કરે છે. અને તેથી જ માનવીને સંજોગોનો કીડો કહેવામાં આવે છે. પરન્તુ ધર્મ કરવાની ધગશવાલો માણસ સંજોગોને વશ બની જતો નથી.

એક કવિએ કહ્યું છે કે–

A man is a creature of circumstances but–a religious man is the lord of himself and master of Circumstances.

અર્થ–મનુષ્ય સંજોગોનો કીડો છે પણ ધર્મી મનુષ્ય પોતાનો માલીક છે અને સંજોગોનો શેઠ છે.

માટે તમો સંજોગોને આધીન ન બનતા સંજોગો ને તમારા આધીન બનાવી, ઉદયમાં નથી એમ બોલનારાએ ઉદ્યમ કરી, અને ફુરસદ નથી એમ બોલનારાએ થોડો ઘણો સમય કાઢી પર લોકમાં શાન્તિને અર્પણ કરનારા ધર્મ અનુષ્ઠાનોને પોતાના જીવનમાં અપનાવી નિષ્ફળ જતા જીવનને સફળ બનાવવા શકય પ્રયત્ન કરવો જરૂરી છે.

卐

૨૮. મૂર્તિપૂજાની આવશ્યકતા

One picture is worth ten thousand words
(એક ચિત્ર દશ હજાર શબ્દોની ગરજ સારે છે.)

દરેક વસ્તુની ગેરહાજરીમાં તે તે વસ્તુઓનું યથાર્થ (સાચું) જ્ઞાન અને સાક્ષાત્ અનુભવ થવો હોય તો તે મૂર્તિ દ્વારા થઇ શકે છે. દુનિયામાં રહેલા પર્વતો, નદીઓ, ગામો, શહેરો અને સમુદ્રો આદિ પરોક્ષ વસ્તુઓનું જ્ઞાન કરવું હોય તો નકશા (Map) ની જરૂર પડે છે. તેમ ભૂતકાળમાં થઇ ગયેલા મહાન્ પુરૂષોના સત્ય સ્વરૂપનું જ્ઞાન કરવામાટે પણ નકશાની જેમ મૂર્તિની ખાસ જરૂર રહે છે. ધર્મશાસ્ત્રો માત્ર ભણેલાઓને તથા સમજદારને ઉપકારક બને છે. જ્યારે મૂર્તિ ભણેલ અગર અભણ સૌ કોઇને ભક્તિની ધુન દ્વારા વૈરાગ્ય ઉત્પન્ન કરવામાં એક સરખી ઉપકારક નીવડે છે. વળી જે દેશમાં મુનિરાજો દ્વારા અગર તો અન્ય સાધન મારફત શાસ્ત્ર શ્રવણ આદિનો પ્રસંગ ...ી પ્રાપ્ત થતો નથી, ત્યાંના જૈનોનું જૈનત્વ અદ્યાપિ પર્યન્ત ટકાવી રાખનાર કોઇ હોય તો વીતરાગ પ્રભુના મંદિરો અને મૂર્તિ જ છે.

કલિકાળમાં સંસાર સમુદ્ર તરવા માટે આગમ અને મૂર્તિ જ એ મહાન્ સ્ટીમરો છે, અગરતો જબ્બર ભૂજાઓ છે.

મૂર્તિપૂજા એ કોઈ કપોલ કલ્પિત ચીજ નથી, પરન્તુ યુક્તિસિદ્ધ સાથે શાસ્ત્રસિદ્ધ પણ છે. સર્વમાન્ય શ્રી રાયપસેણી સૂત્ર પણ "જિન પડિમા જિન સારીખી" એ વાક્યથી તેની પુષ્ટિ કરે છે. અનાર્ય સિદ્ધાન્તે પણ ઉપર જણાવેલ અંગ્રેજી ...નીઝ પ્રોવર્બમાં મૂર્તિની મહત્તાને જ બતાવી છે.

મૂર્તિ જડ હોવાથી ચેતનને કાંઇ અસર કરી શકતી નથી એ માન્યતા પણ ભારોભાર ભૂલથી ભરેલી હોઇ યુક્તિ સંગત નથી. જ્યારે મૂર્તિ જડ હોઇ ચેતનને ફાયદો કરતી નથી તો પછી ભગવાનનું નામ રોજ સવારમાં ઉઠીને જપનારાઓને તેમનું નામ પણ શી રીતે ફાયદો પહોંચાડી શકશે ? કારણકે મૂર્તિની માફક નામ પણ જડ છે. નામમાં ક્યાં ચેતનતા રહેલી છે ? બન્નેમાં જડતા એક સરખી જ છે. તમોએ માનેલું જડ ફાયદો કરે અને બીજાએ માનેલું જડ ફાયદો ન કરે એમ તો તમારૂં માનવું નથીને ? વળી વ્યવહારમાં પણ ઘણી જડ વસ્તુઓ ચેતનને ફાયદો તેમ નુકશાન પહોંચાડનારી ક્યાં નથી ? જેમ બ્રાહ્મીનું તેલ બુદ્ધિને સતેજ કરે છે, દારૂપાન માણસને ગાંડો બનાવે છે. ઝેર મારે છે. દૂર્બિન દૂર દૂર રહેલી વસ્તુને દેખાડે છે, આઠકર્મજડ હોવા છતાં તેણે ચેતનની કેવી દૂર્દશા કરી મૂકી છે ? પુસ્તક જડ હોવા છતાં તેના દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ થઇ શકે છે. મંત્રાક્ષરો અને જડીબુટ્ટી જડ હોવા છતાં ઝેર, ભૂતપ્રેતાદિના ઉપદ્રવો અને શારિરીક રોગોને મટાડવા સમર્થ બને છે. આવી તો અનેક જડ વસ્તુઓ ચેતનને નુકશાન તેમ ફાયદો પહોંચાડી સારી નરસી અસર જરૂર કરે છે.

જ્યારે ચેતના રહિત સ્ત્રીનું ચિત્ર દૂર્ભાગીઓને વિકારનું કારણ બને છે તો પછી વીતરાગની મૂર્તિ ભાગ્યશાલીઓને વૈરાગ્યનું કારણ કેમ ન બને ? વળી અમૂર્ત આત્માની સેવા ચાકરી કરવાનો લાભ પ્રાપ્ત થતો હોય તો જડ શરીરદ્વારાજ થાય છે. ટુંકમાં કહીએતો આત્માની અનંત શક્તિ કહી છે તેમ જડની પણ અનંત શક્તિ છે. માટે જડનો તિરસ્કાર કરવો ચેતનને હમણા પાલવે તેમ નથી.

અરે ? કેટલીક બાબત તો ચૈતન્ય મૂર્તિ કરતા જડ મૂર્તિનો પ્રભાવ વધી પણ જાય છે. જેમ આચાર્ય દ્રોણાચાર્ય પાસે અર્જુન બાણ ફેંકવાની વિદ્યા જેટલા પ્રમાણમાં શીખી શક્યા તેના કરતા તેમની માટીની મૂર્તિ બનાવી તેમને રોજ નમસ્કાર કરી એકલવ્ય નામનો ભીલ બાણ ફેંકવાની કળામાં કંઈ ગણો વધુ નિષ્ણાત બન્યો હતો.

વળી પદ્માસને બીરાજમાન, શાન્ત મુદ્રાથી શોભતી, રાગ, દ્વેષ અને અજ્ઞાનતાને સિદ્ધ કરનારા સ્ત્રી, શસ્ત્ર (હથીઆર) અને જપમાળાના ચિન્હોથી રહિત એવી મૂર્તિને જોઈને તેમની વીતરાગતા અને પ્રભુના સ્વરૂપનું જે વાસ્તવિક જ્ઞાન મૂર્તિદ્વારા થઈ શકે છે તે, નામ માત્રથી થવું અશક્ય છે. વાઘ, સિંહ, એમ માત્ર તેના નામો જ સાંભળનારો, પણ તેના ચિત્રોને નહિ જોનારો જંગલમાં તેવા પશુઓ મળતા તેનાથી બચી જવાનો પ્રયત્ન કરી શકવાનો નથી. ગાયનું નામ જ જાણનારાઓ ગાયના સ્વરૂપને જાણવા સારૂ તેના ચિત્રને જો નહિ જોયું હશે, તો જંગલમાં ભૂખ કે તૃષા લાગતા તેનાથી પ્રાપ્ત થતા દુધથી પોતાનો જાન નહિ બચાવી શકે. માટે નામ કરતા પણ મૂર્તિ વધુ ફાયદો કરે છે એ બીલકુલ સત્ય વાત છે.

વળી મૂર્તિને નહિ માનવાનો દાવો કરનારા પણ એક યા બીજી રીતે તેઓ મૂર્તિ માને તો છે જ. સ્વસ્તિક, રાખનું બહુમાન, મક્કા મદીનામાં રહેલા પત્થરનું ચુંબન, ધ્વજ વંદન, દેવ દેવીની માન્યતા, ફોટાઓ, આદિ મૂર્તિપૂજાના પ્રકારો જ છે. પોતે માન્ય રાખેલા મહાપુરૂષોના ફોટાનું કોઈ અપમાન કરે તો તેમનું દીલ દુભાય છે. એ પણ મૂર્તિ માન્યતાનો પુરાવો છે

ઘેટા આદિના ઉનથી બનેલા ગુરૂજી મહારાજના આસનને પગ અડી જતાં તે ગુરૂ મહારાજનું આસન હોવાથી પાપ માનવામાં આવે છે, તે જ મુજબ પત્થરની બનેલી મૂર્તિ હોવા છતાં તે ભગવાનની મૂર્તિ હોઇ જરૂર તે મૂર્તિની આશાતનામાં પણ પાપ મનાવું જોઇએ.

જેના ઉપર ગવર્નમેન્ટની છાપ છે, સહી છે, નંબર છે, અને હજાર રૂપીયાનો આંકડો લખેલો છે એવી હજાર રૂપીયાની નોટને, કાગળનો ટુકડો કહેનાર જેટલો અજ્ઞાન છે, તેના કરતા વીતરાગતાના આકારને ધારણ કરનારી, અંજનશલાકા અને પ્રતિષ્ઠા આદિ વિધિથી અને અનેક મંત્રાક્ષરોથી પવિત્રિત બનેલી ભગવાનની મૂર્તિને પત્થરનો ટુકડો કહેનાર વધુ અજ્ઞાન છે.

Let this be your motto that what is truth is mine અર્થાત્ મારૂં એ સાચું એમ નહિ પણ સાચું એ મારૂં આ સિદ્ધાન્તને સ્વીકારવામાં આવે તો સાચું તત્ત્વ હાથ લાગે અને મતભેદ પણ દૂર થઇ જાય.

જૈન સિદ્ધાન્તથી બીલ્કુલ અનભિજ્ઞ આત્માઓ મૂર્તિ પૂજામાં હિંસા થાય છે એવી ખોટી કલ્પના કરી સ્વયં મૂર્તિ-પૂજાથી વંચિત રહી અન્યોને પણ વંચિત રાખવાનો બાલીશ પ્રયત્ન કરી રહ્યા હોય છે. કારણ કે તેમને હિંસાના ભેદોની ખબર નથી. શાસ્ત્રમાં અનુબન્ધ, હેતુ, અને સ્વરૂપ, એમ હિંસાના ત્રણ પ્રકાર કહ્યા છે.

જિનેશ્વર દેવની આજ્ઞાનો ભંગ કરવાથી અને મિથ્યાત્વના સેવનથી અનુબન્ધ હિંસા લાગે છે. જયણા વિના પ્રવૃત્તિ કરવાથી જે હિંસા થાય છે તે હેતુ હિંસા કહેવાય છે, અને

યતનાપૂર્વક પ્રવૃત્તિ કરવાથી જે હિંસા થાય તેને સ્વરૂપ હિંસા કહેવાય છે. અનુબન્ધ હિંસા અને હેતુ હિંસા માઠા વિપાકોને આપે છે જ્યારે યતનાપૂર્વક કરવામાં આવતી ધર્મકરણીમાં માત્ર ઉપરથી દેખાતી સ્વરૂપ હિંસા કોઈને અશુભ ફળ આપતી નથી.

વળી સામાન્ય નુકશાનના ભોગે, પરિણામે વિશેષ લાભ થતો હોય તો તે ક્રિયાઓ સુજ્ઞ જનોને માન્ય જ હોય છે.

તેમ જ મૂર્તિપૂજામાં હિંસા માનનારાઓને ઉપાશ્રયે જવામાં, વન્દન કરવામાં, પ્રતિક્રમણ કરવામાં વ્યાખ્યાન સાંભળવા માટે જવા આવવામાં, મુનિઓનો સત્કાર કરવામાં, અન્ય પરોપકારના કાર્ય કરવામાં, તેમજ મુનિરાજ માંદા પડતાં તેમની વૈયાવચ્ચ કરવા આદિ અનેક કાર્યોમાં હિંસા તો કરવી જ પડશે. એવું એક પણ ધર્મનું કાર્ય નથી કે જેની શરૂઆતમાં થોડી પણ હિંસા ન જ હોય. વળી દહેરાસરમાં નહિ જનારા, બહાર કાંઈ અહિંસક જ રહે છે એવો પણ નિયમ કયાં છે? મંદિરમાં જનારો તો મંદિરમાં હશે ત્યાં સુધી પણ અહિંસક રહી શકશે.

ઉપરના કાર્યોમાં નુકશાન ઓછું અને લાભ ઘણો થાય છે એમ તમો કહેશો તો તીર્થંકર દેવની પૂજામાં અને દર્શનમાં પણ એ જ ન્યાય લાગુ પડે છે. જો તીર્થંકર પ્રભુ ન હોત તો ચતુર્વિધ સંઘની હયાતિ જ કયાંથી હોય? તેમ ધર્મની સ્થાપના પણ કોણ કરત? તેમનો તો આપણા ઉપર અથાગ, અને અસીમ ઉપકાર છે કે જેમણે આપણને મોક્ષમાર્ગના સાધનો બતાવ્યા. માટે જ ગુરૂવન્દનમાં, તેમના વ્યાખ્યાન શ્રવણ કરવા જવામાં અને તેમના સત્કાર સન્માનમાં થતી

હોય છે. જો તેમનો ટાઇમસર ઉપયોગ હોય તો ચોરને ચમત્કાર બતાવે છે. અને ઉપયોગ ન રહે તો કાંઈ કરતા નથી. વળી તેમ થવામાં ભાવિ ભાવ પણ કારણ હોય છે અર્થાત્ જે બનવાનું છે તે બનવાનું જ છે. ભાવિભાવને તો કોઈ પણ અટકાવી શકતું નથી.

કેટલાક નાસ્તિક લોકો ભગવાનને ગાળ પણ દે છે. આથી કાંઈ તેમના નામની અગર મૂર્તિની મહત્તાને અગર પ્રભાવને જરા પણ નુકશાન પહોંચતું નથી. અરે કોઈ વખત આગમ શાસ્ત્રોને ઉધઇ નામના કીડાઓ ખાઇ જાય છે. તો તેથી કાંઇ શાસ્ત્રની મહત્તા અગર તેની કીંમત જરા પણ ઓછી થતી નથી.

આ પ્રમાણે મૂર્તિપૂજા યુક્તિસિદ્ધ હોવા સાથ, જીવાભિગમ, દશવૈકાલિક સૂત્ર, ભગવતીજી સૂત્ર, જ્ઞાતા સૂત્ર અને રાયપસેણી સૂત્ર આદિ આગમ શાસ્ત્રોથી પણ સિદ્ધ છે. સૌ કોઇ મધ્યસ્થપણાથી વિચાર કરશે તો સાચો રાહ હાથ લાગ્યા વિના નહિ રહે.

卐

૨૯. સફળતાનો સાચો રાહ

માનવભવની સફળતા મોજશોખમાં નહિ પરંતુ ત્યાગ ધર્મની સુંદર આરાધનામાં છે.

દેહની સફળતા તેને માત્ર લષ્ટ-પુષ્ટ બનાવવામાં નહિ પરંતુ વિવિધ પ્રકારનાં વ્રત પચ્ચક્ખાણોને ધારણ કરવામાં છે.

જીભની સફળતા કોઈના અવગુણ, અસત્ય તથા કટુ બોલવામાં નહિ પરંતુ ગુણીઓનો પ્રશંસાવાદ, સત્ય અને મધુર બોલવામાં છે.

ચક્ષુની સફળતા નાટક-ચેટક આદિ દુનિયાના રૂપરંગો નીહાળવામાં નહિ પરંતુ દેવગુરુના દર્શનમાં છે.

કાનની સફળતા પરનિંદા કુથલી સાંભળવામાં નહિ પરંતુ ધર્મશાસ્ત્ર શ્રવણમાં છે.

પગની સફળતા દેશ-પરદેશ રખડપટ્ટી કરવામાં નહિ પરંતુ પગે ચાલી તીર્થયાત્રા કરવામાં છે.

મસ્તકની સફળતા તેને અક્કડ રાખવામાં નહિ પરંતુ પૂજ્યો પાસે નમાવવામાં છે.

હાથની સફળતા કોઇને થપ્પડ મારી ઝુંટવી લેવામાં નહિ પરંતુ ઉદાર બની દાન દેવામાં છે.

બુદ્ધિ પામ્યાની સફળતા કોઇને ખાડામાં ઉતારવા માટે નહિ પરંતુ તત્ત્વાતત્ત્વની વિચારણામાં છે.

સત્તાની સફળતા દાવ આવે દુશ્મનને છુંદી નાખવા માટે નહિ પરંતુ પ્રસંગ આવે અન્યના ઉપર ઉપકાર કરી લેવામાં છે.

બળ પામ્યાની સફળતા નિર્બળોને કચરી નાંખવામાં નહિ પરંતુ સબળોથી તેમનું રક્ષણ કરવામાં છે.

લક્ષ્મીની સફળતા તેનો સંગ્રહ કરવામાં નહિ પરંતુ તેનો છૂટે હાથે સદુપયોગ કરી લેવામાં છે.

જ્ઞાન ભણ્યાની સફળતા કોરા વાદવિવાદો કરવામાં તથા ઘમંડી બનવામાં નહિ, પરંતુ જીવનને સદાચારી બનાવી [illegible] ઉપર જ્ઞાનનો પ્રકાશ નાખવામાં છે.

જીભની સફળતા કોઈના અવગુણ, અસત્ય તથા કટુ બોલવામાં નહિ પરંતુ ગુણીઓનો પ્રશંસાવાદ, સત્ય અને મધુર બોલવામાં છે.

ચક્ષુની સફળતા નાટક-ચેટક આદિ દુનિયાના રૂપરંગો નીહાળવામાં નહિ પરંતુ દેવગુરુના દર્શનમાં છે.

કાનની સફળતા પરનિંદા કુથલી સાંભળવામાં નહિ પરંતુ ધર્મશાસ્ત્ર શ્રવણમાં છે.

પગની સફળતા દેશ-પરદેશ રખડપટ્ટી કરવામાં નહિ પરંતુ પગે ચાલી તીર્થયાત્રા કરવામાં છે.

મસ્તકની સફળતા તેને અક્કડ રાખવામાં નહિ પરંતુ પૂજ્યો પાસે નમાવવામાં છે.

હાથની સફળતા કોઇને થપ્પડ મારી ઝુંટવી લેવામાં નહિ પરંતુ ઉદાર બની દાન દેવામાં છે.

બુદ્ધિ પામ્યાની સફળતા કોઇને ખાડામાં ઉતારવા માટે નહિ પરંતુ તત્ત્વાતત્ત્વની વિચારણામાં છે.

સત્તાની સફળતા લાગ આવે દુશ્મનને કચરી નાખવા માટે નહિ પરંતુ પ્રસંગ આવે અન્યના ઉપર ઉપકાર કરી લેવામાં છે.

બળ પામ્યાની સફળતા નિર્બળોને કચરી નાંખવામાં નહિ પરંતુ સબળોથી તેમનું રક્ષણ કરવામાં છે.

લક્ષ્મીની સફળતા તેનો સંગ્રહ કરવામાં નહિ પરંતુ તેનો છૂટે હાથે સદુપયોગ કરી લેવામાં છે.

જ્ઞાન ભણ્યાની સફળતા કોરા વાદવિવાદો કરવામાં તથા ઘમંડી બનવામાં નહિ, પરંતુ અજ્ઞાનને મટાડવાની ભાવથી અન્યોના ઉપર જ્ઞાનનો પ્રકાશ નાખવામાં છે.